સુબોધ ગ્રંથાવળી.

(કિંમત આઠી આના.

સુબોધ ગરબાવળી.

રચનાર તથા પ્રસિદ્ધ કરનાર.

બાપાલાલ ભાઇશંકર ભટ્ટ.

અમદાવાદ.



આવૃત્તિ છઠ્ઠી.

અમદાવાદ.

પીરમસા રોડ ઉપર નિર્મળ પ્રિન્ટીંગ પ્રેસમાં

લલ્લુભાઇ ઇશ્વરભાઇએ છાપી.

ઈ. સ. ૧૯૧૨

કીમત અઢી આના.

શાર્દુલવિક્રીડિત છંદ.

લક્ષ્મીનો નહિ ગર્વ મુખ હસતું ને નમ્રતા નેનમાં,
રે'ણીમાં સુવિવેક, ટેક વચને ને મિષ્ટતા વેણમાં;
એવા એક ઉદાર મિત્ર મણિજે,સ્વર્ગે વસ્યા સુમતિ,
તેના ઉજ્વળ નામશું વિનયથી જોડું લઘુ આ કૃતિ.



પ્રસ્તાવના.

મહાલક્ષ્મી ફીમેલ ટ્રેનીંગ કોલેજમાં ઇનામના મેળાવડા વખતે કેટલીક ગરબીઓ રચી મેં છોડીઓ પાસે ગવરાવી; તે મારા કેટલાક મિત્રોને પસંદ પડી અને એવી વધારે ગરબીઓ રચેલી જોવાની તેમણે ઇચ્છા બતાવી, તે ઉપરથી આ સુબોધ **ગરબાવળી** મેં રચી છે.

સાધારણ રીતે ત્રણ હેતુ ધ્યાનમાં રાખીને મેં આ ગરબીઓ રચી છે. તે એ કે (૧) ગોળ કુંડાળામાં ફરતાં ગાવાથી બાળકીઓ અને સ્ત્રીઓનાં શરીર અને અવયવોનું નિયમિત રીતે હાલવું ચાલવું થાય અને તેમને થોડી કસરત મળે. (૨) ગાનાર અને સાંભળનારની ઉંચી મનોવૃત્તિઓ તથા તેમનું નીતિ અને ભક્તિ તરફનું વલણ દૃઢ થાય, અને (૩) તેમને એક ઉંચા પ્રકારનો આનંદ મળે. આ ત્રણ હેતુ કેટલે દરજ્જે પાર પડ્યા છે તે જોવાનું હું સુજ્ઞ વાંચનારને સોંપું છું.

આ નાની ગરબાવળીના ત્રણ ભાગ કરવામાં આવ્યા છે. પહેલા ભાગમાં નાની છોડીઓને ગાવા અને શીખામણ લેવા જેવી ગરબીઓ મૂકવામાં આવી છે. બીજા ભાગમાં સ્ત્રીઓને લાયક ગરબીઓ છે અને ત્રીજા ભાગમાં કહાણીઓ અને આખ્યાન મૂક્યાં છે.

આ ઠેકાણે મારે કહેવું જોઇએ કે જુદા જુદા રાગ પસંદ કરવામાં મને બ્હેન શારદા ગોપીલાલ તથા બ્હેન વસંત કુમારી ભીમરાવ તરફથી સારી મદદ મળી છે.

અમદાવાદ.
આસો સુદી ૨

બા. બા.

અનુક્રમણિકા.

ભાગ બીજો.

ભાગ ત્રીજો.

સુબોધ ગરબાવળી.

*ઇશ્વર પ્રાર્થના.

લીલી લીમડીરે, લીલો નાગરવેલનો છોડ. એ રાગ.

પ્રથમ [1]પ્રણામીએરે અંતરજામી શ્રી અવિનાશ,
તારી કૃપા વડેરે સૌની સફળ થવાની આશ;
આખા વિશ્વમાંરે તુજ વિણ ખાલી નહિ કો ઠામ,
આદી, મધ્યનોરે વળી તું આખરનો વિશ્રામ. ૧
કોણ કળી શકેરે તારી અકળ ગતિ ભગવાન,
શક્તિ વિચારતાંરે ભૂલે ભલા ભલા પણ ભાન;
સૃષ્ટિ પેખીનેરે તોપણ નિશ્ચય એવો થાય,
બહુજ વિચારીનેરે રચના તેં કીધી જગરાય. ૨
ખૂણે ખોચરેરે તારી ખૂબી બહુ દેખાય,
આખા વિશ્વમાંરે તારી દૃષ્ટિ ઉંડી જાય;
રહીને વેગળોરે લે છે વિશ્વતણી સંભાળ,
પાળે પ્રેમથીરે સૌને જાણીને નિજ બાળ. ૩
આંખો આપીનેરે કીધા સૂર્ય શશિ દિન રાત,

---

* આ ગરબી ઇશ્વરપ્રાર્થના માટે છે. તે સઘળી છોકરીઓ સીધી હારોમાં ઉભી રહીને સાથે ગાઇ શકે છે. તેમજ તે ગોળ કુંડાળામાં ફરીને તાળી સાથે પણ ગવાય છે. તે બહુ લાંબી છે, પરંતુ તેને ટુંકાવી શકાય છે; જેમકે ઉપરથી છ, સાત, કે આઠ કડીઓ ગાયા પછી એકદમ છેલ્લી બે કડીઓ ગાય તો તેથી બાધ આવતો નથી.

1 પ્રણમીએ.

રંગ નવા નવારે પેખી થાય સહુ ગળિયાત;
આકાશે કયેરે અગણિત તારાનો ચળકાટ,
જાણે છાઇછેરે રૂડા ચંદરવાથી રાત. ૪
સૂરજ ખેંચતોરે ખારા સાગરમાંથી નીર,
બહુ મીઠાં કરીરે વાદળ વર્ષે વહીને શીર;
પાથર પહાડમાંરે જંગલ, ખેતર, ને વળી ખાડ,
પાણી પહોચતાંરે તેથી ઉગરે તૃણ ને ઝાડ. ૫
વનની વેલીએરે ફાલે બાગ બગીચે ફૂલ,
પૃથ્વી શોભતીરે જાણે પહેર્યા છે પટકૂલ;
પાક નવા નવારે મીઠા મધુ । માણસ કાજ,
કીધા પ્રેમથીરે જાણી નિજ બાળકની દાઝ. ૬
પ્રભુ તેં પુષ્પમાંરે કેવો મેલ્યો મીઠો વાસ,
નાજુક પત્રોરે કેવાં કોરી કીધાં ખાસ.
પૃથ્વીપેટમાંરે, પાનાં હીરા, માણેક થાય,
રૂડા રંગથીરે ક્યારે રંગ્યાં તેં જગરાય ! ૭
ધાતુ નવી નવી રે દાટી માટીમાં મહારાજ,
જાણ્યું જાગશેરે આગળ એનો ઉદ્યમ આજ;
કાળા કોયલારે જેના ખાણોમાં નહિ ખોટ,
તેના તાપથીરે ચાલે સંચા, ગાડી, બોટ. ૮
વિદ્યુત તેં કરીરે જેથી કામ અલૌકિક થાય,
મેલ હજારથીરે પળમાં સંદેશા લઇ જાય;
દીવાઓમાં વસીરે આપે અજવાળું મહા મૂલ,
ગાડી ચાલતીરે વિદ્યુત બળથી વેગ અતૂલ. ૯
જો મધમાખીએરે કીધાં મીણ અને મધ સાર,
સાગર માછલીરે કરતી મોતી અપરંપાર;
ઝીણાં જંતુએરે બાંધ્યા મહાસાગરમાં બેટ,
પક્ષિ પ્રવાસીનેરે વળતી વરાવા કીધા ભેટ. ૧૦

કીડા કારમોરે કરતો કોશેટામાં ક્ષીર,
રૂડા રમનારે તેનાં ચતુરા પડે ચાર;
સીપો શંખલારે, તેના મચ્છ ઘડે છે ઘાટ,
પ્રભુ તેં શીખવ્યુંરે, આપ્યા કયી શાળામાં પાઠ ? ૧૧
જે કણ એકઠારે સો કણ માટીના થઇ જાય,
તે કણ ખાઇનેરે માણુસ પોષે છે નિજ કાય;
તે પણ આખરેરે પાછો માટી માંહી સમાય,
એમ ખનીજનાંરે તત્ત્વો ઉદ્‌ભિજ, પ્રાણીજ થાય. ૧૨
વાયુ રૂપનુંરે પાણી થાય પ્રવાહિ જેમ,
ગરમી ખોઇનેરે થાશે બરફતણો ઘન તેમ;
એમ અસંખ્ય છેરે તેનો ગણતાં નાવે પાર,
અકળ કળાથકીરે પ્રભુ તું કરતા લય વિસ્તાર. ૧૩
ક્યાં કૃતિ આપનીરે ક્યાં આ અલ્પમતિ ભગવાન.
કીડી શું કરેરે આખા મહાસાગરનું પાન;
શક્તિ વિચારીનેરે તારે શરણ થયાં એ તાત,
અમને પ્રેરજેરે નીતિ ભક્તિમાં દિનરાત. ૧૪

ભાગ પહેલો.

(નાની છોકરીઓ માટે.)

ગરબી. *

"આ પાવાતે ગઢથી ઉતર્યાં મા કાળીરે." એ રાગ.

આ પ્રભુએ આપી આંખ, સન્મુખ જોવાને,
તે સાથે બુદ્ધિ વિચારની, દુખ ખોવાને;

* આ ગરબી બોલતી વખતે દરેક લીટીમાં શરીરના જે અવયવ વિષે વાત આવે તે અવયવ બંને હાથવડે બતાવવા અને "તાળી પાડીને" આ શબ્દો આગળ ત્યાંથી આરંભીને આગળ તાલ પ્રમાણે તાળીઓ પાડવી.

આ પ્રભુએ આપ્યા કાન, શાસ્ત્ર વચન સુણવા,
વળી પ્રભુએ આપ્યું મુખ, સુવાણી ઓચરવા.
આ પ્રભુએ આપ્યા હાથ, શુભ કામો કરવા,
વળી પ્રભુએ આપ્યા પાય, સુમારગ સંચરવા.
આ જે જે ચીજ જરૂરની, તે આપીને,
જગદીશ જુએ છે સર્વ, સઘળે વ્યાપીને,
તે માટે સખીઓ સર્વ, સાથ મળી રહીએ,
એ પ્રભુને લાગી પાય, તેના ગુણ ગાઇએ.
એ પ્રભુમાં આપણ આજ, ચિત્ત લગાડીને,
ગુણ ગાઇએ શાણી બ્હેન, તાળી પાડીને.
પ્રભુ ન્યાયી ને વળી નેક, સર્વતણો ત્રાતા.
એ જગતતણો માબાપ, સૌનો સુખદાતા.
સૌ સખીઓ પૂજો પ્રેમથી, એ છે પાસે,
પછી સુમતિ માગો બેન, તેથી સુખ થાશે.

ગરબી. + (ડ્રિલ માટે.)

" અચકો મચકો કારેલી. " એ રાગ.

ચાલો ઉત્તરમાં મુખ ફેરીએરે, દક્ષિણને પાછળ ધરીએ.
આ પશ્ચિમ ડાબે પાસેરે, પૂર્વ દિશા જમણી જાશે.
હવે સીધાં ઉભાં રહીએરે, બીજી વાત પછી કહીએ.

× આ ગરબી બોલતી વખતે દરેક લીટીના અર્થ પ્રમાણે ફરવું તથા હાવભાવ કરવા. જેમકે પહેલી લીટી બોલતી વખતે ઉત્તર તરફ ફરવાનું છે. બીજી લીટી બોલતી વખતે ડાબે હાથે પશ્ચિમ દિશા બતાવવી અને જમણે હાથે પૂર્વ દિશા બતાવવી. પછી સીધાં ફરવું. અને મોં, આંખ અને કાન બતાવવા, ઇત્યાદિ.

આ કા'વે મુખ અમોરૂંરે, આંખ રચી જોવા સારૂ.
આ કાન કથા સાંભળવારે, પગ પૃથ્વી ઉપર ફરવા.
આ હાથવડે કંઇ આપોરે, દુર્બળનાં દુખડાં કાપો.
આ હાથે પુસ્તક ઝાલોરે, વાંચી શાસ્ત્ર વચન પાળો.
આ હાથે પંથ બતાવોરે, કોઈ અજાણ્યો જો આવ્યો.
આ કર જોડીને હરજોરે, પ્રાર્થના પ્રેમે કરજો.
મોટાંને દેખી પ્રીતેરે, બેન નમો રૂડી રીતે.
ફરી સજ્જનનો શિર નામીરે. સર્વે ફરો સામાસામી.
સખીઓને ભેટો ભાવેરે, અવસર આવો નહિ આવે.
વળી સીધાં ફરીને બેસોરે, ક્યાં સુધી ઉભાં રહીએ.
સૌ સાથે ઉભાં થઇએરે, કાલાંની કથની કહીએ,
અમે જેવું તેવું ભાખ્યુંરે, ડહાપણ નામ નથી દાખ્યું.
કંઇ ભૂલ પડી તો ભાખોરે, મોટાં મહેર સદા રાખો.

ગરબી. * (ડ્રિલ માટે.)

રાગ ઉપર પ્રમાણે.

અમે સાચે સાચું કહીએરે, એજ અમારી છે રીતી;
અમે દુર્જનથી દૂર રહીએરે. એમાં ન્યાય અને નીતિ.

---

* આ ગરબી ડ્રિલને માટે રચી છે. એક અથવા વધારે સીધી હારોમાં છોકરીઓને ઉભી રાખવી અને તે હારોની વચ્ચે ત્રણત્રણ હાથનું અગર જરૂર જણાય તેટલું અંતર રાખવું. પછી આખી ગરબી છોકરીઓ પાસે ગવરાવવી અને તાલ પ્રમાણે તેમને ત્રણ ડગલાં આગળ અને ત્રણ ડગલાં પાછળ ભરવાનું કહેવું જેમકે પહેલી લીટીના ત્રણ તાલ સાથે બધી છોકરીઓએ આગળ ત્રણ ડગલાં ભરવાં અને ચોથે તાલે બે પગ જોડે કરવા. તેમજ બીજી લીટીના ત્રણ તાલ સાથે ત્રણ ડગલાં પાછળ ભરવાં અને ચોથે તાલે બે પગ જોડે કરવા.

અમે સજ્જનમાં જઈ વસીએરે. એજ૦
અમે ખામી દેખી ખસીએરે, એમાં૦
હીનનું દુઃખ જાણી હરશુંરે, એજ૦
અમે પાપીને પરહરશુંરે, એમાં૦
અમે દુખીની વહારે ધાઈએરે, એજ૦
નહિ લાલચમાં લેવાઈએરે, એમાં૦
અમે સત્યને કાજે મરીએરે, એજ૦
અન્યાય થકી ઓસરીએરે. એમાં૦
અમે દુખમાં ધીરજ ધરીએરે, એજ૦
અમે ડાઘ પડ્યાથી ડરીએરે, એમાં૦
અમે એક વચનથી રહીએરે. એજ૦
અમે જુઠું ભણી નવ જઈએરે, એમાં૦

શીખામણ.

ગરબી.

સુણજો સાજનોરે—એ રાગ.

નિત્ય સવારે વહેલાં ઉઠી દાતણ પાણી કરીએજી;
તન મન શુદ્ધ કરીને પ્રેમે ધ્યાન પ્રભુનું ધરીએ,
શાણાં થઈએજી. ૧
માત પિતા કે બીજાં સાથે વાણી વિવેકે વદીએજી;
ગાળાગાળી કે અપશબ્દો ઓચરીએ નહિ કદીએ.
શાણાં—૨
ઘરમાં રહી ઘરધંધો કરીએ કે વિદ્યા કંઈ ભણીએજી;
સીવણ, ભરત અને ગુંથણનાં કામ કુશળ થઈ કરીએ.
શાણાં—

નિશાળે જાતાં નવ લાજે પુસ્તક પોથી ઝાલોજી;
શિક્ષકની શીખામણ માની તેજ પ્રમાણે ચાલો.
શાણાં—૪

જુઠ વચન મુખથી નવ વદીએ, પરનિંદા નવ કરીએજી;
સૌ સાથે સંપીને રહીએ નમ્ર વચન ઓચરીએ.
શાણાં—૫

એક ઘડી આળસ નવ કરીએ કામ રૂડાં કંઇ કરીએજી;
કૂડ કપટને કાઢી નાંખી પરમેશ્વરથી ડરીએ.
શાણાં—

માંદાં થઇ ગુસ્સો નવ કરીએ શોક સદા પરહરીએજી;
જો કંઈ કષ્ટ થયું કાયામાં, ધીરજ મનમાં ધરીએ.
શાણાં—૭

અદેખાઈને અળગી કરીને સૌનું સારૂં ચાહીએજી;
સાંજ સવારે નિર્મળ મનથી ગુણ પ્રભુના ગાઈએ.
શાણાં—૮

સવૈયા. +

(ચાલતાં ચાલતાં ગાવાને.)

ડાબો પગ ઉપાડો પહેલાં, જમણો તેની આગળ થાય.
એવી રીતે ચાલો જાણે, સૌ સખીઓ વરઘોડે જાય.

+ છોકરીઓ સીધી હારોમાં ઉભી હોય ત્યાંથી તેઓ ગરબો ગાવા માટે ગોળ ઉપર જાય તે વખતે આ કવિતા સઘળી છોકરીઓએ સાથે ગાવાની છે અને ચાલતાં ચાલતાં સઘળી છોકરીઓએ આ કવિતાના તાલ પ્રમાણે એકી વખતે સાથે પગલાં ભરવાં જોઈએ.

ચોખ્ખા ચ્હેરા રાખો સર્વે, ચોખ્ખાં વસ્ત્ર ધરો નિજ અંગ,
હસતે મુખડે લાલી ચાલી શોભાવો શાળા નવરંગ.
શિક્ષકની શીખામણ માનો, જોજો ચૂક જરા નવ થાય,
ગાતાં ગાતાં ચાલો બ્હેનો, તાળ પ્રમાણે મૂકો પાય.
વખત વટ્યો ભણતર ભણવાનો, કસરત કેરો આ છે કાળ,
ચંચળ થઇ ચાલો ચિત્ત રાખી, ચાલંતાં નવ ચૂકો તાળ.
તે સાથે શીખામણ સારી, હૃદય વિષે સહુ રાખો બાળ.
સાચાં થઇ રહેજો સહુ સાથે, મુખથકી નવ બોલો ગાળ.
મીઠી વાણી વદો સહુ સખીઓ, કૂડ કપટને કાઢી દૂર;
સીધે રસ્તે સર્વ વિચરજો ઇશ્વરનો ડર રાખી ઉર.
[1]પરમારથ પર રાખો પ્રીતિ, દીલ દયાનું રાખો જોર;
નિર્મળ મન નીતિથી શોભે, નમ્ર બની નવ રાખો તોર.
સૌ સારી સોબતમાં રહીને, ભણવા પાછળ રાખો ખંત;
આ લોકે પરલોકે બ્હેનો, એજ સદા સુખનો છે પંથ.

સખીઓને ગરબા માટે આમંત્રણ.

ગરબી.

મારા વાલાજી હો, હવે નહિ જાઉં મહી વેચવારે લોલ.
એ રાગ.

સર્વે સખીને તેડી આવજોરે લોલ, ગરબો રચીશું મારે ઘેર;
ભલા ભાવથીરે લોલ, સર્વે સખીને તેડી આવજોરે લોલ. ૧
વડી વિવેકી મારી માવડીરે લોલ, સખીઓ દેખીને સુખી થાય;
એવા તાત છેરે લોલ, સર્વે સખીને તેડી૦ ૨

---

૧ પરમાર્થ.

ગરબો ગમે છે મારી બેનનેરે લોલ, ભલો રાચે છે મારો ભ્રાત:
રૂડા રાગથીરે લોલ, સર્વ સખી૦ ૩
સગાં સંબંધી સર્વ મળ્યાંરે લોલ, ગરબો જોવાને ચિત્ત ચહાય,
વડી હોંસથીરે લોલ, સર્વ સખી૦ ૪

શરદપુનેમની શોભા ઘણીરેલોલ, ચંદની ખીલી છે ભલી ભાત:
શશિ ઉજળોરે લોલ, સર્વ સખી૦ ૫
સોના સમું છે મારૂં આંગણુંરે લોલ, રૂપા સમી છે રૂડી રાત:
તેજ ઝગઝગેરે લોલ, સર્વ સખી૦ ૬

ગોખે ધરીશું બધે દીવડારે લોલ, વચ્ચે રચીશું દીપમાળ:
ચોડા ચોકમાંરે લોલ, સર્વ સખી૦ ૭
સાડીઓ પહેરાવું સખી સર્વનેરે લોલ, મેવા જમાડું મારી બેન:
ભલા ભાવથીરે લોલ, સર્વ સખી૦ ૮

રૂડો દિવસ રળીઆમણોરે લોલ, આપ્યો પ્રભુએ મને આજ:
પુરા પ્રેમથીરે લોલ, સર્વ સખી૦ ૯
કેવી કૃપા છે જગદીશનીરે લોલ, ગાઈ કરીશું તેનું ગાન:
રૂડા રાગથીરે લોલ, સર્વ સખી૦ ૧૦

ગરબે રમે છે સુઘડ નારીઓરે લોલ, દીપે છે દેવીઓ સમાન;
મુખ મલપતાંરે લોલ, સર્વ સખી૦ ૧૧
વાદળ વિંધીને સૂર નીસરેરે લોલ, લાજે છે કોયલ ને કીર;
રૂડા રાગથીરે લોલ, સર્વ સખી૦ ૧૨

ગરબાનો વેગ ગરૂઓ ઘણોરે લોલ, કલેશ ને કંકાશરૂપી મેલ:
કરે વેગળારે લોલ, સર્વ સખી૦ ૧૩
નીતિ ભક્તિ કેરી એતોછે નદીરે લોલ, મનુષ્યનાં હૃદયને ધોઇ;
કરે ઉજળાંરે લોલ, સર્વ સખી૦ ૧૪
ગરબો આનંદકેરો છે ઝરોરે લોલ, પ્રભુમાં કરે છે ચકચૂર;
ભલા ભક્તનેરે લોલ, સર્વ સખી૦ ૧૫

મરજો તો જ્ઞાનનો કોઠાર છેરે લોલ, સુખી કરીને લઇ જાય;
પછી સ્વર્ગમાંરે લોલ, સર્વે સખી૦ ૧૬

સદ્‌ગુણ વિષે.

ગરબો.

" સુરત સહેર બળ્યું તે અગ્નિઝાળમાં જો. " એ રાગ.

સખી પહેરજો સદ્‌ગુણરૂપી સાડીઓ જો,
જેમાં ધર્મ કેરી લહેર છે રૂપાળીઓ જો;
શોભે અંગ જાણે ખીલી ગઈ વાડીઓ જો,
સખી પહેરજો સદ્‌ગુણરૂપી સાડીઓ જો. ૧
બીજાં વસ્ત્ર ને આભૂષણો ઝાંખાં થશે જો,
કેઇક કાળ જતાં ફાટશે કે ઘાસશે જો;
સાડી સદ્‌ગુણીનું તેજ વધતું જશે જો. સખી. ૨
હસી લોક બધા હેતથી બોલાવશે જો,
સારી મંડળીમાં માગ મુકાવશે જો;
આખા ભવની મુસાફરી સહેલી થશે જો. સખી. ૩
સ્ત્રી તો સદ્‌ગુણે જીતે છે પળ વારમાં જો,
અમર નામ કરે સદ્‌ગુણે સંસારમાં જો;
બેસે સીતા ને દમયંતિ કેરી હારમાં જો. સખી. ૪
સ્ત્રીએ સદ્‌ગુણે વશ કીધું આખા વિશ્વને જો,
રૂડું શસ્ત્ર છે સદ્‌ગુણ એ તો સ્ત્રી કને જો;
વિષમ કાર્ય અલ્પ કાળમાં એથી બને જો. સખી. ૫
નાર સદ્‌ગુણીની વાણી વશીકરણ છે જો,
મન શુદ્ધ એનું રત્નકેરા ખાણ છે જો;
મૂર્ખ લોક એના મૂલ્યથી અજાણ છે જો. સખી ૬

નારી સદ્દગુણીને લોક બધા વંદશે જો,
એને દેખીનેજ દુષ્ટ તો હારી જશે જો;
એના દર્શનથી પાપીઓ પાવન થશે જો. સખી. ૭
નારી સદ્દગુણી જો જંગલ વિષે હશે જો,
એના પુણ્યના પ્રતાપે વન ખીલશે જો;
લીલા લહેર સાથે લક્ષ્મી જઇ ત્યાં વસે જો. સખી. ૮
ભલે સદ્દગુણી સતીને પ્રભુએ ઘડી જો,
જેના વાસથી શોભે છે રૂડી ઝુપડી જો;
જાણે કુંદનમાં ઝળકતી ચુની જડી જો. સખી. ૯
જેણે સદ્દગુણોને સહેજમાં વહેતા કર્યા જો,
તેણે દુઃખના ડુંગર શીરપર ધર્યા જો;
તેની આબરૂના થઇ ગયા છે કાંકરા જો સખી. ૧૦
જેણે સદ્દગુણોની સહેજ અવગણના કરી જો,
તેણે સાપો મુખેજ આંગળી ધરી જો;
તે તો કીર્તિરૂપી પહાડ ઉપરથી પડી જો. સખી. ૧૧
કઇક સદ્દગુણ વિના તો શૂન્ય થઇ ગયાં જો,
તેનાં માન ને મરજાદ ટકી નવ રહ્યાં જો;
કઇક કાયકેરા કષ્ટથી કાયાં થયાં જો સખી. ૧૨
રૂડા સદ્દગુણ વિનાનાં રૂપ ધૂળ છે જો,
એ તો કલેશ ને કંકાસ કેરાં મૂળ છે જો;
કષ્ટ આપવાનાં કામમાં ત્રિશૂળ છે જો. સખી. ૧૩
પહેરે વસ્ત્ર ને ઘરેણાં મૂલ્ય મૂલનાં જો;
કઇક રાખે અભિમાન ઉંચા કૂળનાં જો;
વિના સદ્દગુણ એ સાજ બધાં શૂળનાં જો. સખી. ૧૪
નથી ઉંચ કે ઘરેણું નથી અંગમાં જો,
નથી વસ્ત્ર કે શરીર રૂડા રંગમાં જો;

ધ્યાની સદ્‌ગુણી રહો સદા ઉમંગમાં જો. સખી. ૧૫
સદા સદ્‌ગુણીને માનપાન સાંપડે જો,
નવ અડચણો આ વિશ્વમાં એકે નડે જો;
દ્વેષ દુષ્મનો તો હારીને હેઠા પડે જો. સખી. ૧૬
શાને વસ્ત્ર ને ઘરેણાં કાજે સોરીએ જો,
સર્વ છોડીને સદ્‌ગુણસાડી વહોરીએ જો;
રાખી ઇશમાં વિશ્વાસ મન દોરીએ જો. સખી. ૧૭

જૂઠ કપટ વિષે.

ગરબી.

" પ્રભુને ભજવાંરે વારે, તેને ધાલે જમને બારે, "–એ રાગ.

કપટ ન કરીએ રે કદીએ.
જૂઠું લેશ જરા નવ વદીએ, કપટ ન કરીએરે કદીએ ૧.
સૌ સજ્જનથી રે નોખાં,
જૂઠે જગમાં પડીએ ઝાંખાં. કપટ૦ ૨
જૂઠ કપટનોરે જોટો,
મોટા કહે " એ મારગ ખોટો, " કપટ૦ ૩
જૂઠ કપટનું રે જાળું,
મનમાં પેસી કરે મુખ કાળું. કપટ૦ ૪
જૂઠ કપટનુંરે સાથી,
પાપ બધાં પ્રગટે છે આથી. કપટ૦ ૫
મન કપટીનાં રે મેલાં,
પાપતણા પટથી રંગેલાં. કપટ૦ ૬
કપટી રાઢયો રે રોપે,
પાપ થકી પરમેશ્વર કોપે. કપટ૦ ૭

બાર કપટથી રે ખોશો.
કોઇ ન રાખે લેશ ભરોસો. કપટ૦ ૮
ભેદ પડાવે રે ભારે,
પ્રીય જનોમાં પેસે જ્યારે. કપટ૦ ૯
જો મતિ જુઠેરે જોડી,
તેને કોઇ ન ધારે કોડી. કપટ૦ ૧૦
કથની સાચીરે કહેવી,
જેવી કાને સુણીએ તેવી. કપટ૦ ૧૧
જો કદી જુઠી રે જાણી,
કહીએ જેવી મનથી માની. કપટ૦ ૧૨

અદેખાઇ વિષે.

વાંસલડી વાગીને હું તો જાગી.—એ રાગ.

બ્હેનો તમે કરજો અદેખાઇ અળગી,
અરે વણ આગે રખે જાઓ સળગી. બ્હેનો તમે કરજો૦
અદેખાની આંખો સદા રહે બળતી,
અદેખાની છાતી સદાય પ્રજળતી;
અદેખાને પળ પણ કળ નથી પડતી બ્હેનો તમે૦
અદેખાને પોતાનું દુઃખ પ્રજાળે,
અદેખાને બીજાતણું સુખ બાળે;
અદેખાને શાંતિ નથી કોઇ કાળે. બ્હેનો તમે૦
અદેખાની આંખ ફરે જે પ્રદેશે,
સાથીઓમાં સુખ જુએ નહીં લેશે;
ખરેખર ત્યારેજ તે ઠરી બેસે. બ્હેનો તમે૦
બીજા અવગુણ ફળે બહુ દહાડે,
અદેખાઇ થાતાંજ દીલ દઝાડે;
અદેખાને તર્તજ શિક્ષા એ ભારે. બ્હેનો તમે૦

અદેખો તો અન્યને પીડવા માટે,
અરે પોતે દુઃખ ખમે સુખ સાટે,
ખરે અદેખાઇથી કોઇ ન ખાટે. બ્હેનો તમે૦
અદેખો તો લોકમાં અપજશ લેશે,
અદેખાને કોઇ ભલો નવ કહેશે;
અદેખાને ઇશ્વર પણ દંડ દેશે. બ્હેનો તમે૦
કદી નિજ સાથી થયા બહુ સબળા,
તેને કેમ કરવાને ઇચ્છોછો નબળા;
તમે કરી ઉદ્યમ ને થાઓ જબરા. બ્હેનો તમે૦
પાડોશી જો તાજો હશે તન ધનમાં;
આપણને એ સહાય કરે અડચણમાં,
અદેખાએ અહોનિશ લાવવું મનમાં. બ્હેનો તમે૦

ધીરજ વિષે.

ગરબી

" બડો ચતુર પેલો ટોપીવાળો " —એ રાગ.

સાહેલી સહુ ધીરજ ધરજો, કષ્ટ કદી કંઇ આવે રે;
સંકટમાં પ્રભુ સાહ્ય કરીને, સુખનો અવસર લાવે રે.
સાહેલી૦ ૧

ભવસાગરને મારગ જાતાં, સહુને સંકટ આવે રે;
ધીરજ રૂપી નાવ મળેતો, પાર ઉતરતાં ફાવેરે. સાહેલી૦ ૨
કઇને આધિ કઇને વ્યાધી, કઇને કંઇક ઉપાધિ રે;
જન્મીને જગમાંથી ન ગયું, કોઇ સદા સુખ સાધીરે;
સાહેલી૦ ૩

જો સીતા દમયંતિ સતીએ, દુખમાં ધીરજ ધારીરે;
આગળ જાતાં સંકટમાંથી, પ્રભુએ પાર ઉતારી રે. સાહેલી૦ ૪
ધરથી જો ધીરજ ઉર ધરશો, અડચણ આધી જાશે રે;

પહાડસમું સંકટ તે પળમાં, ફુલ બરાબર થાશેરે. સાહેલી૦ ૫
જ્યાં ધીરજ ત્યાં શાંતિ આવી, બુદ્ધિ નિર્મળ રાખે રે;
ભય તરવાનાં સાધન સઘળાં, નિષ્ફળ ધીરજ પાખેરે.
સાહેલી૦ ૬
જગમાં જેણે ધીરજ મુકી, સંકટ તેને સામુંરે,
બળ બુદ્ધિને ડહાપણ તેનું, પડશે સર્વ નકામુંરે. સાહેલી૦ ૭
ધીરજ ખોતાં પાસ પડેલાં. શસ્ત્રો કામ ન આવે રે;
ધીરજ પોતે દુર પડેલાં, સાધન પાસે લાવેરે. સાહેલી૦ ૮

ઇશ્વરમાં પ્રેમ રાખવા વિષે.

ગરબો ૧૨

સારૂં સારૂં રે સુરત શહેર મુંબાઈ અલબેલી-એ રાગ.

સૌ રાખો પ્રભુમાં પ્રેમ, એ છે સુખદાતા;
શરણાગત વત્સલ તાત, સૌનો એ ત્રાતા.
રાજાઓનો એ છે રાજા, રાંકતણો રખવાળ રે;
વિશ્વ વ્યાપી રાજ ચલાવે, લે સૌની સંભાળ. એ છે૦
ભોળાનો એ ભવજળ તારણ, કપટીને શીર કાળરે;
પાપ પુણ્યનો પારખનારો, પ્રજાપાળ ભૂપાળ. એ છે૦
ભક્તિભાવ ભીતરનો પેખી, થાય ઘણો તુષ્યમાન રે;
ઉંચ નીચ નથી એની દષ્ટે, સર્વ એક સમાન. એ છે૦
દંભીજનનો દંભ પીછાણે, ઠગથી તે ન ઠગાય રે;
વિશ્વેશ્વર વાળ્યો નથી જાતો, નિર્મળ એનો ન્યાય. એ છે૦
દુર્જન કો દેખે નહિ એને, પાપ પંથમાં ધાય રે;
અવળું ફળ આખર પામીને, પાછળથી પસ્તાય. એ છે૦
સત્યતણો સાથી છે સબળો, અબળતણો આધાર રે;
દીન સેવકનું દુખડું દેખી, તરત કરે છે વહાર. એ છે૦

અકળ કળા એની છે એવી, કોઇ ન પામે પાર રે;
શુભાશુભ સૌ કર્મતણાં ફળ, પામે છે નિરધાર. એ છે૦
માટે સૌ સખીઓ શીર નામી, પ્રભુમાં રાખો પ્રેમ રે;
નીતિ ભક્તિમાં નિત્ય રહો તો, રક્ષક કરશે રહેમ. એ છે૦

નીતિ અને ભક્તિ વિષે.

ગરબી.

" ક્યાં ગયોરે પેલો મોરલી વાળો."–એ રાગ.

જે ભણીઆ ભક્તિ ને નીતિ, જગત વિષે તે જીત્યારે;
ભવસાગરની પાર ઉતરીઆ, દુઃખતણા દિન વિત્યારે.
જે ભણીઆ ભક્તિ ને નીતિ. ૧
પાવરધા પંડીત બન્યા પણ, ભક્તિથી નથી ભીંજ્યારે;
તે સૌ મીઠો ભાત તજીને, કુશકીથી મન રીજ્યારે. જે૦ ૨
શાસ્ત્ર બધાંનું મથન કરીને, માખણ એ ઉતાર્યુંરે;
નીતિ ભજનના જેવું બીજું, કશું નથી અહીં સારૂંરે. જે૦ ૩
ભાગ્યવાન કો ભક્ત હશે તે ચઢશે નીતિ નાવેરે;
ભવસાગર ખેડીને અંતે, પ્રભુની પાસે આવેરે. જે૦ ૪
જે ભક્તિના રસમાં ડુબ્યો, પ્રભુ પાસે તે ઉભોરે;
નિર્ભય થઇ નાચે આનંદે, સખાનો પણ સુબોરે. જે૦ ૫
બ્રહ્મા વિષ્ણુ રૂદ્ર કહો તે, સર્વે છે પ્રભુ પોતેરે;
જૂદાં જૂદાં નામ ભણો પણ, એ તો એનો એ છેરે. જે૦ ૬
વાદવિવાદ તજી વહાલાને, ભાત ભજે સૌ ભાવેરે;
આડાં ઉભાં બીજ પડે પણ, કરશણ ઉપર આવેરે. જે૦ ૭
નીચ ઉંચ નબળો કે સબળો, જે ભક્તિમાં ભાર્યોરે;
આ સંસાર વિષે તે સૌથી, સારામાં પણ સારોરે. જે૦ ૮
નીતિ ને ભક્તિનાં સુખ તો, વિરલા સુજ્ઞ પિછાણેરે;

તે સઘળા સંસારી વૈભવ, તરણા તુલ્ય પ્રમાણે રે. જો૦ ૯

ઇશ્વરનું રાજ્ય.

“ રઘુપતિ રામનું લેને શરણુંરે. ” એ રાગ

ઇતિહાસનો સાર.

પ્રભુ તારા રાજ્યની બલિહારી રે;
કેવી રચના રચી છે તેં સારી. પ્રભુ તારા૦
તું તો રાયતણો રાય કહાવે રે,
આખા વિશ્વનું રાજ ચલાવે રે;
તારી સામે ન દુષ્મન ફાવે. પ્રભુ તારા૦
આવી જગમાં જે જન્મ સુધારે રે;
તારી ઇચ્છાતણે અનુસારે રે;
તેને પળમાં તું પાર ઉતારે. પ્રભુ તારા૦
રાય રાંક કે મંડળ આખાં રે,
જેણે સદ્ગુણ ફળ નથી ચાખ્યાં રે;
લોભે પકડીને ખાડમાં નાંખ્યાં. પ્રભુ તારા૦
હતા ગ્રીક ને રોમન કેવા રે,
વાધ્યા જ્યાં લગી સદ્ગુણ સેવ્યા રે;
લોભ લાગે પડ્યા પાન જેવા. પ્રભુ તારા૦
હવે આર્ય જુઓ ઇતિહાસે રે,
જન જ્યાં લગી ધર્મ ઉપાસે રે;
સુખ ભૂમિમાં ત્યાં લગી ભાસે. પ્રભુ તારા૦
પહેલાં આર્ય પ્રમાણિક કેવા રે,
જેમાં રાય થયા રામ જેવા રે;
જેણે જન્મ ધર્યો સુખ દેવા. પ્રભુ તારા૦
પછી પાંડવ કેવા પ્રતાપી રે,

આખું વિશ્વ વખાણે અદ્યાપિ રે;
નાંખ્યું કૈરવકુળ ઉથાપી, પ્રભુ તારા૦
કથા આગળ આપણી કહીએ રે;
પુણ્ય પાપથી સુખ દુઃખ સહીએ રે;
માટે ધર્મ ધરી સુખી રહીએ. પ્રભુ તારા૦
થયા આર્ય વિલક્ષણ જ્યારે રે,
ધર્મ ભ્રષ્ટ બની વર્ણ ચારે રે;
દુઃખ દેખીને પડીયાં તે વારે. પ્રભુ તારા૦
થયા રજપૂત રાય કુસંપી રે,
આર્ય બાંધવ બેઠા ન જંપી રે;
ત્યારે આર્ય ભૂમિ ઉઠી કંપી. પ્રભુ તારા૦
પછી ભેળ મુસલમાને પાડી રે,
હિંદ ખીલતી વાડી બગાડી રે;
ત્યારે અકબર આવ્યો અગાડી. પ્રભુ તારા૦
તેની રાજનીતિ બહુ સારી રે,
વાઘ બકરીને નવ શકે મારી રે,
આર્ય ભૂમિને અકબર હારી. પ્રભુ તારા૦
ગણ્યા હિંદુ મુસલમાન હારે રે,
તેથી ભેદ પડ્યો નહિ ભારે રે:
કેવું રાજ્યતણું બળ ત્યારે. પ્રભુ તારા૦
હતા રજપૂત રાય પ્રતાપી રે,
તેને સરદાર પદવી એ સ્થાપી રે;
નાંખ્યો ક્લેશ કુસંપને કાપી. પ્રભુ તારા૦
ત્યારે આશીષ કીર્તિ એ પામ્યો રે,
આખા હિંદ વિષે જશ જામ્યો રે;
સુખ પામીને સ્વર્ગે વિરામ્યો. પ્રભુ તારા૦
તેના વંશજ એ થયા સારા રે,
આવ્યા જહાંગીર શાહજહાંના વારા રે;

તેમાં અકબરના રહ્યા ધારા. પ્રભુ તારા૦
પછી ઔરંગજેબના દહાડા રે;
જુદા હીંદુ મુસલમાન પાડયા રે;
એણે સુતેલા સિંહ જગાડયા, પ્રભુ તારા૦
પાકો અકબરે નાંખ્યો જે પાયો રે,
તેને ખોદવાને ધાર ધાયો રે;
તેણે અવળાજ લીધા ઉપાયો. પ્રભુ તારા૦
જોકે જાતે હતો બહુ શૂરો રે,
બધી વાતમાં પાકો ને પૂરો રે;
તોય રાજનીતિમાં અધુરો. પ્રભુ તારા૦
ત્યારે ઉત્તરમાં શીખ જાગ્યા રે,
મધ્યે રજપૂત ઉઠવા લાગ્યા રે;
છેડે ડંકા શીવાજીના વાગ્યા. પ્રભુ તારા૦
તેણે મોગલ સત્તા ઉથાપી રે,
દીશ દક્ષીણને હામ આપી રે;
મોટી ગાદી મરાઠાની સ્થાપી. પ્રભુ તારા૦
પેશવાએ પછી નામ કાઢયાં રે,
મૂળ મોગલ કેરાં ઉખાડયાં રે;
નવ રૈયતનાં લાડ પાળ્યાં. પ્રભુ તારા૦
ત્યારે ઇંગ્લીશ આખરે આવ્યા રે,
બધી ટોપીમાં એ લોક ફાવ્યા રે;
દુખી દેશીએ પુષ્પે વધાવ્યા. પ્રભુ તારા૦
જાનમાલનું રક્ષણ કીધું રે,
ન્યાય આપી અને માન લીધું રે;
પછી વિદ્યાતણું દાન દીધું. પ્રભુ તારા૦
એની રાજનીતિ બહુ સીધી રે,
તેથી ભર્તભૂમિ વશ કીધી રે;
આર્ય લોકની આશીષ લીધી.

પ્રાર્થના.

પદ.[1]

પ્રભુજી ભવસાગરથી તારો,
ભવસાગરથી તારો, પ્રભુજી ભવસાગરથી તારો.
પળ પળ પાપ કરી પરતાઇએ, એજ સ્વભાવ અમારો પ્રભુજી૦
અલ્પ અમોને કંઇએ ન સૂઝે, ઉગરવાનો આરો. પ્રભુજી૦
અધમ ઓધારણ છો અવિનાશી, ભારે ભરોસો તમારો.પ્રભુજી૦
અબળાજનની અરજ સુણીને, પ્રભુજી પાર ઉતારો. પ્રભુજી૦

પદ.

પ્રભુ હો, જીવનામૃત હો, તુજ વિણ ત્રાતા કયો ?
તુજ વિણ ત્રાતા કયો, પ્રભુહો તુજ વિણ ત્રાતા કયો ?
ધ્યાન, દાન વ્રત હો મેં કદી કીધાં, તોપણ મેલ રહ્યો;
ઇંદ્રિય, મન અઘ સાથ અફાળે, કલેશ ન જાય સહ્યો. પ્રભુ હો૦
ભક્તિતણો રસ મુજ ઉર પ્રેરો, હૃદયે પ્રભુજી રહો;
કઠણ હૃદય કોમળ થઇ જાશે, ભક્તિમાં ભાવ રહ્યો. પ્રભુ હો૦
જગ સુખ સર્વ અનુભવી જોયાં, જીવ ન તૃપ્ત થયો;
શાંતિ સહુ તુજ ભક્તિમાં ભાસી, સુખસમુદ્ર વહ્યો. પ્રભુ હો૦
ભક્તિ વિના પ્રભુ કંઇએ ન જાચું, ભક્તિમાં સ્વાદ લહ્યો;
દુઃખ બધાં દુનિયાથકી ચાલ્યાં, આનંદ ઉર થયો. પ્રભુ હો૦

---

૧ આ પદમાં પહેલું ચરણ બે વાર બોલવાનું છે. તે મહાલક્ષ્મી ફીમેલ ટ્રેનીંગ કૉલેજમાં ગવાય છે.

ભાગ બીજો.

(સ્ત્રીઓ માટે.)

સ્ત્રીઓને શીખામણ,

ગરબી.

" સુણજો સાજનોરે એ રાગ.

સાસરીઆમાં સૌની સાથે નમ્ર વચન ઓચરીએજી;
સાસુ ને સસરાની સેવા, માત પિતા ગણી કરીએ.
શાણાં થએજી૦ ૧
કહેતા પહેલાં કામ કરીને, સૌને વહાલાં થઇએજી;
અણુ બોલાવ્યાં કે વણુકામે, પર ઘર કોઈ ન જઇએ. શાણાં૦ ૨
સાદાં તો પણ ધોઈ ધોઇને ઉજ્વળ વસ્ત્રો ધરીએજી;
કાયાને જન ઝાંખે એવાં ઝીણાં, પટ પરહરીએ. શાણાં૦ ૩
પગની પાનીથી બહુ ઉંચી, સાડી અંગ ન ધરીએજી;
અન્ય જુએનિજ અંગ ઘરેણાં, એવો યત્ન ન કરીએ, શાણાં૦ ૪
વય સંપત્તિ પ્રસંગ પ્રમાણે, સાદાં થઇને ફરીએજી;
વિદ્યા, વય, વપુ ધનકે કૂળનો, મદ, મત્સર પરહરીએ, શાણાં૦ ૫
કુત્સિત વેણુ કદી નવ વદીએ, ખડખડ કો દી ન હસીએજી;
મંદ હાસ્ય મીઠી વાણીથી, સૌના મનમાં વસીએ, શાણાં૦ ૬
મોટાં આગળ માઝા મેલી, બહુ બકબક નવ કરીએજી;
જેની સાથે નિશદિન રહેવું, તેશું રોષ ન ધરીએ, શાણાં૦ ૭
નિર્લજ નીચતણી સોબતમાં, એક ઘડી નવ રહીએજી;
ધર્માચરણ કરંતાં કદીએ, કષ્ટ પડે તો સહીએ શાણાં૦ ૮

ફુઅડ વિષે.

ગરબી.

વાંસલડી વાગીને હું તો જાગી—એ રાગ.

સાહેલી ફુઅડતણા ગુણ ગાઇએ,
સખી ચેતી ચાલો તો સુઘડ ગણાઇએ;
સાહેલી ફુઅડતણા ગુણ ગાઇએ;
ફુઅડ દિન પહોર ચઢયે પોઢી ઉઠે,
ઉઠે તેવી બાળકપર બહુ રૂઠે;
ઘસે કાળી ફલ્યાસમી કેશ છૂટે. સાહેલી૦ ૧
ફુઅડબાનાં મંદિર કેવાં રૂપાળાં,
નીચે બહુ પૂંજોને ઉપર જાળાં,
કલેડે તો વીસ ગ્રહણ વહી આલ્યાં. સાહેલી૦ ૨
ફુઅડબાના વાસણપર કાટ કાળા,
ફુઅડબાના ગોળે વળ્યા ઓઘરાળા;
ફુઅડબાએ પાણીમાં પોરાને પાળ્યા. સાહેલી૦ ૩
ફુઅબડાનાં વસ્ત્ર જુઓ બહુ મેલાં,
ફુઅડબાનાં બાળક તે પણ ઘેલાં;
ફુઅડબાની કોઠીમાં ધાન્ય સડેલાં. સાહેલી૦ ૪
ફુઅડબાના રાંધ્યામાં આવે છે રેતી,
ફુઅડબાની લોકોમાં થાય ફજેતી;
તથાપિ તે મનમાં જરા નથી લેતી. સાહેલી૦ ૫
ફુઅડબા તો ઘરમાંથી બહાર પધાર્યાં,
ઘરેણાંથી અંગ બધાં શણગાર્યાં;
ફુઅડબાએ આંખોમાં કાજળ સાર્યાં. સાહેલી૦ ૬
ફુઅડબાને મેશ વિના કયમ ચાલે,
જુઓ કાળા ડાઘ પડયા છે બે ગાલે;
વળી શેર કંકુ લપયડયું છે ભાલે. સાહેલી૦ ૭

કુઅડબાનાં રસ્તે જતાં ચીર ફાટે,
આનો આવી ધંટી ને ગોરસ ચાટે;
કુઅડબાનું મુખ ભર્યું છે ઉંચાટે. સાહેલી૦ ૮

સુઘડ સતી વિષે.

ગરબી.

" શ્યામરંગ સમિપે ન જાવું, મારે આજ પછી શ્યામ
રંગ સમિપે ન જાવું. એ રાગ.

ધન્ય જેને ઘેર સુઘડ છે સતિ,
સંસાર વિષે ધન્ય, જેને ઘેર સુઘડ છે સતિ;
સર્વથા સુખી છે સતિનો પતિ,
સંસાર વિષે ધન્ય જેને ઘેર સુઘડ છે સતિ. (ટેક)
બળ્યો જળ્યો આવે કદી બહાર કે બજારથી.
પ્રેમથી મળીને પીડા ટાળતી. સંસાર વિષે૦ ૧
ક્રોધને કંકાસ હરે સ્વામીના ઉલ્લાસથી,
મધુરી વાણી ને મંદ હાસ્યથી. સંસાર વિષે૦ ૨
સ્વામીને દે સુખ આપે સંતતિને સુંમતિ,
મંદિર સુધારે ખરી ખંતથી. સંસાર વિષે૦ ૩
મહેલ તે મશાણ જેવા શૂન્ય જેમાં સ્ત્રી નથી,
ધન્ય રૂડી ઝુંપડી જ્યાં છે સતિ. સંસાર વિષે૦ ૪
લીંપીગુંપી વાળી ઝાડી સ્વચ્છ રાખે આંગણું,
આંહેથા છે મંદિર સોહામણું. સંસાર વિષે૦ ૫
કસર કરીને ઘર સ્વામીનું નીભાવતી,
રાંધીને જમાડે ભલા ભાવથી. સંસાર વિષે૦ ૬
[1]અતિથી આવે તો કદી [2]વિમુખ જતો નથી,

---

૧. અતિથી એટલે પરોણો. ૨. વિમુખ=ભૂખ્યો, જમ્યાવિના.

જમાડી જમે છે સહુને સતિ.
સાચવે વિવેક ઘેર નામ ન્યૂનતા નથી,
સર્વદા સુકાળ છે સંતોષથી. સંસાર વિષે૦ ૮
સદ્‌ગુણ ઘરેણે રૂડી સાધ્વી છે શોભતી,
પૂર્ણ પતિવ્રત થકી ઓપતી, સંસાર વિષે૦ ૯
નમ્રતા વિવેક સુલાવણ્યતા થકી ભરી,
પ્રભુએ બનાવી પ્રેમી પૂતળી. સંસાર વિષે૦ ૧૦
પતિને તો પ્રભુના સમાન ગણી પૂજતી,
કંથનો કભાવ જોઈ ધ્રુજતી. સંસાર વિષે૦ ૧૧
સાસરામાં સર્વને સુસ્નેહથી બોલાવતી,
પારકાં પોતીકાં કરી સ્થાપતી. સંસાર વિષે૦ ૧૨

હલકું મન.

ગરબી.

મારી ભરત ભૂમિ રૂપાળી રઢીઆળી યશાળી શુશીલ પુનિત.—એ રાગ.

આ જગત વિષે મન જેનાં મોટાં તે મોટા જાણવા;
મન પેખીને ઉંચ નીચ માણસને તુર્ત પિછાણવા.
ઉંચા કુળમાં અવતાર ધર્યો, બહુ વૈભવનો વિસ્તાર કર્યો:
પરમાર્થ નથી ઉરમાં ઉતર્યો. આ જગત વિષે. ૧
ધન ધાન્યતણો ભંડાર ભર્યો, નથી તોપણ પર ઉપકાર કર્યો;
જનને ધિક્ જન્મ ધર્યો ન ધર્યો, આ જગત વિષે. ૨
અભિમાન તણા ઉરમાં ઉભરા, બહુ સ્વાર્થ પરાયણ યત્ન કર્યા:
પણ દેશદાઝ ઉરમાં ન જરા. આ જગત વિષે૦ ૩
ધનવાન વિષે નિજ મિત્ર ઘણા, નથી લેશ ગરીબતણી ગણના:
મથતા સહુથી બહુ શ્રેષ્ઠ થવા. આ જગત વિષે૦ ૪

નમતા મુજને જન સર્વ રહે, મુજ તૂલ્ય થવા નવ કોઇ ચહે;
અભિલાષ સદા ઉર એજ વહે, આ જગત વિષે૦ ૫
નિજનો કદિ કો અપરાધ કરે, મનમાં બહુ તેપર વેર ધરે;
બનતી તકમાં દુઃખ દેઇ ઠરે, આ જગત વિષે૦ ૬
મન અલ્પ વિષે નવ માય મયા, નથી નિર્મળ સદ્‌ગુણ નામ લહ્યા;
શુભ ધીરજ, શાંતિ, વિવેક દયા, આ જગત વિષે૦ ૭
બહુ લોક રહે ડરીને નમતા, પણ પાછળ શાપ વદી શમતા;
ધિક જે જન છે દીનને દમતા, આ જગત વિષે૦ ૮

મોટું મન.

ગરબી.

" હરીભજન વિના દુઃખહરિયા સંસારનો પાર ન આવે "—એ રાગ.

સુણ સાહેલી મન જેનાં મોટાં તે મોટા જાણવા
આ ગુણવડે ઉંચજનોને પરખી તુર્ત પિછાણવા,
કુળ કે ધનનું અભિમાન નથી, મનમાં કદિ કુડ વસે ન રતી;
દુખીઆ જનની દિલ દાઝ અતિ, સુણ સાહેલી—૧
ધનવાન વડો ધન વાપરશે, જન રાંક દયા દિલમાં ધરશે;
પરકાજ કસી તન તે ઠરશે, સુણ સાહેલી—૨
ખુશ રહે દીનનાં દુખડાં દળીને; સહુ સજ્જન સાથ હળી મળીને;
વદશે શુભ વેણ લળીલળીને, સુણ સાહેલી—૩
પરમાર્થ વિશે મથતોજ રહે, દિલ દુષ્મનનું પણ હિત ચહે;
મુખ શાંતિતણું શુભ તેજ વહે. સુણ સાહેલી—૪
કડુ વેણ કદી જન કો'ઉચરે, કુળવાન વડો મનમાં ન ધરે;
ધરી ધીરજને શુભ બોધ કરે, સુણ સાહેલી—૫
બહુ માન મળ્યે ન ગર્વ ધરે, અપમાન થકી નવ શોચ કરે;

નિજ ધર્મધરી સુખમાં વિચરે, સુણ સાહેલી—૬
કદી આપ વડાઇ ઉરે ન વસે, નવ લોભથકી લલચાય કશે;
નિજ ધર્મથકી કદીએ ન ખસે, સુણ સાહેલી—૭
જ્યમ[1] માનવી માન પછાડી ફરે, ત્યમ[2] તે બહુ વેગથકી વિચરે;
મન મોટું કર્યે સહુ અર્થ સરે. સુણ સાહેલી—૮

મરહુમ રાવબહાદુર રણછોડલાલ છોટાલાલ વિષે.

ગરબી

સારૂં સારૂં રે સુરત શહેર મુંબઈ અલબેલી-એ રાગ.

ધન ધનરે રણછોડલાલ કામ રૂડાં કીધાં,
અમદાવાદ વિષે નર એવા, ફરી ફરી નહિ થાય રે;
દીર્ઘ દૃષ્ટિ, બુદ્ધિ ને ડહાપણ ધીરજ રાખી સદાય.
કામ રૂડાં કીધાં. ૧

પહેલ કરી કાપડનો સંચો, આણ્યો ગુર્જર દેશરે;
રોકી લક્ષ્મી રાજનગરમાં, તેનો આજ ઉન્મેશ. કામ૦ ૨
સ્વાર્થમાં પરમાર્થ સાધ્યો, રાખીને બહુ રહેમરે;
લાખો લોકતણી રોજીનો, ઉદય કર્યો છે એમ. કામ૦ ૩
શહેરસુધારો કરમાં લઇને, શોભાવ્યું બહુ શહેરરે;
ઘેર ઘેર ગંગાજળ આણ્યાં, લોક કરે છે લહેર. કામ૦ ૪
નગણા જનની નિંદા સુણતાં, જરા ન કીધો ક્રોધરે;
હસતે મુખડે વાત કરીને, બહુને દીધા બોધ. કામ૦ ૫
ઔષધશાળા સ્થાપી પોતે, માનો સહુ અહેસાનરે;
નર નારી ને બાળ ઘણાને, આપ્યાં જીવતદાન. કામ૦ ૬

---

૧ જેમ. ૨ તેમ.

આશ્રય દેઇ અનાથજનોને, પોષ્યાં અંધ અપંગરે;
ધર્મ સભા સ્થાપી વસ્તીમાં સદા કર્યો સત્સંગ. કામ૦ ૭
માન અને અપમાન ગણ્યાં નહિ ધારંતાં નિજ ધર્મરે;
વાત કરી સામાનો વર્તે, પળમાં મનનો મર્મ. કામ૦ ૮
રાજસભામાં સાદી રીતે, જાય ગવરનર સાથરે;
બાળકના મંડળમાં તેમજ બેસી કરતા વાત. કામ૦ ૯
મોટા સાથે મોટા પોતે, બાળક સાથે બાળ રે;
વાદી સાથે વાદ કરીને, દાખે બુદ્ધિ વિશાળ. કામ૦ ૧૦
કરમાં લીધું કામ કદી તો, જરા ન આવે ખોડરે;
વખત બરાબર સાચવનારા, રાજનગર રણછોડ. કામ૦ ૧૧
કામતણો બોજો શિર તોપણ, જનહિતમાં ચિત પ્રોયરે;
નકલો કરવા કાજ નમુનો, પ્રભુએ પ્રેર્યો હોય. કામ૦ ૧૨
જન્મ્યા તે જાશે જગ છોડી, રહેવાનું નથી કોય રે;
જે કર્ત્તવ્ય કરીને જાશે, તેજ અવિચળ હોય. કામ૦ ૧૩
સાખો લોક થયાને થાશે, બળ બુદ્ધિ ધનવાનરે,
મન મોટું તે મોટા જાણો બીજા સર્વે સમાન. કામ૦ ૧૪
મોટા મનનો માણસ એ તો, શહેરતણો શણગારરે;
રાજનગર રણછોડ સમા નર, પાકો અપરંપાર. કામ૦ ૧૫
આત્માએ અવિચળ સુખ પામો, માગો સહુ જન એમરે;
સંતતિ એની થાઓ સવાઇ, ઉરથી ઇચ્છો ક્ષેમ. કામ૦ ૧૬

દયા વિષે.

રાગ ઉપર પ્રમાણે.

કંઇ કરો દયાનાં કામ, એક દિન જાવું છે;
કંઇ કરો જગતમાં નામ, એક દિન જાવું છે,

આજ કાલ કે માસ છ માસે, જાવું એ તો જરૂર રે;
શું કીધું શું કરવાનું છે. તેહ વિચારો ઉર. એક દિન૦ ૧
પાણીના રેલાની પેઠે, વખત બધો વહી જાય રે;
ઈશ્વરની પ્રીતિ મેળવવા, કરજે જે કંઈ થાય. એક દિન૦ ૨
પેટતણું પોષણ તો કરશે, કાગ શુકરને શ્વાન રે;
[1]પરમારથ પોષીને રાખો, મનુષ્યપણાનું માન. એક દિન૦ ૩
સ્વાર્થપરાયણ રહીને જેણે, પોષ્યો પેટ હમેશ રે;
આ દુનિયામાં આવી તેણે, લાવ ન લીધો લેશ એક દિન૦ ૪
લક્ષ્મી તો ચંચળ છે પોતે, આવે ને વળી જાય રે;
[2]પરમારથમાં ખરચ્યાં નાણાં, તેજ અવિચળ થાય. એકદિન૦ ૫
લખપતી લાખ થયા ને થાશે, કોઈ ન જાણે કાજ રે,
જેણે ધન ધર્માદે ખરચ્યાં, અમર રહ્યા છે આજ. એક દિન૦ ૬
કૃપણ ઘણા ધન ભેગું કરીને, ઠાલે હાથે જાય રે;
મધમાખીનો મિષ્ટ ખજાનો, અન્ય ખરેખર ખાય. એકદિન૦ ૭
માટે મિત્ર ધનીકો સર્વે, સુણો અમારા સાદ રે;
ધર્માદાનાં ધામ રચાવી, દુખીઆંની લ્યો દાદ. એક દિન૦ ૮

સાચું સુખ નીતિથી પમાય છે.

સાખી.

આર્ય સુખી કેમ થાય ? આ ભૂમિમાં આર્ય સુખી કેમ થાય !
કષ્ટ બધાં ટળી જાય. આ ભૂમિમાં૦ (ટેક)
શું સોને રૂપે મઢી, કરશું મેડી માળ;
હીરા જડશું હાટીએ, તેથી આર્યની ઓલાદ ઝાળ ?
આ ભૂમિમાં—૧
શું વાડી, ગાડી મળી, મેનાને સુખપાલ;
હાથી ઝૂલે બારણે, તેથી આર્ય સુખી થાય હાલ ?
આ ભૂમિમાં—૨

૧—૨ પરમાર્થ.

શું સેનાઓ સજ્જ થઇ, હાથ ધરે હથીઆર;
ગઢપર તોપો ગરગડે, તેથી, આર્ય લહે સુખ સાર ?
આ ભૂમિમાં—૩

નહિ એ સૌ સાધનવડે, સાચાં સુખ પમાય;
એ સૌ સુખ છે નામનાં, તેથી અંતરે તૃપ્તિ ન થાય.
આ ભૂમિમાં—૪

એ સુખથી નિજ અંતરે, સહેજ નથી સંતોષ;
પણ તેમાં નીતિ ભળે, ત્યારે માણસનો મટે શોષ:
આ ભૂમિમાં—૫

જેને એ સુખ માટે કર્યાં, કૂડ કપટને કેર;
તોએ સાકર દૂધમાં, જાણે ઘોળીને મૂક્યાં છે ઝેર.
આ ભૂમિમાં—૬

પાપ થકી દુખ ઉપજે, પુણ્ય થકી સુખ થાય;
એ ઇશ્વરના કાયદા, એનો નિર્મળ ન્યાય સદાય.
આ ભૂમિમાં—૭

પાપ ઘટે જો પૃથ્વિમાં, પુણ્યતણું બળ થાય;
સુખ ભોગવશો સ્વર્ગનું, તમે સર્વ સદા જગમાંહ્ય.
આ ભૂમિમાં—૮

પાપ અનીતિથી થયું, પુણ્ય નીતિફળ હોય;
માટે જો મન સુખ ચહો, તમે નીતિ ગ્રહો, સહુ કોય.
આ ભૂમિમાં—૯

જો ખેતર ધણી વાવીઆ, બંટી ક્યાંથી થાય. ?
એમ સહજ નીતિ થકી, વણ માગેજ સુખ લણાય,
આ ભૂમિમાં—૧૦

ઇશ્વરી ન્યાય અદશ્ય રહી, કરે કારમાં કામ:
અલ્પ મનુષ્યો શું કળે, ફળ પેખીને પામે વિરામ.
આ ભૂમિમાં—૧૧

પૂર્વે આ પૃથ્વિ વિષે, ઋષિ મુનીએ રહી રાન;
એ સાચાં સુખ ભોગવ્યાં, તેનાં ગ્રંથે જડે છે નિશાન.
આ ભૂમિમાં—૧૨

ભૂમિ માતા સર્વને, દેતી જળ, ફળ, સ્થાન:
" મારૂં તારૂં શિદ વસે, ત્યાં તો સર્વને તૃપ્તિ સમાન,
આ ભૂમિમાં—૧૩

સાદા આર્ય સુલક્ષણા, ન્યાયી ને વળિ નેક;
અનાહુત લેવા ચહે, એવો લાખે મળે નહિ એક,
આ ભૂમિમાં—૧૪

તન, મનમાં દ્રઢ તે હતા, વિદ્યામાં વખણાય;
ગ્રંથ ઘણાય ગરવા રચ્યા, આજ ગણુતાંય તે ન ગણાય,
આ ભૂમિમાં—૧૫

ખત કે પત્ર લખાય નહિ, મુખથી થાય કરાર;
વિશ્વાસે સહુકો વસે, કોઇ તાળું ન દે નિજ દ્વાર.
આ ભૂમિમાં—૧૬

પોલીસ ત્યાં બહુ શું કરે, જ્યાં દુર્લભ છે ચોર;
ઓછાં કોરટ કાયદા, નહિ કૂડ કપટનું જ્યાં જોર,
આ ભૂમિમાં—૧૭

એમ કદી બને આ સમે, નીતિનું બળ થાય;
આર્યભુમિ અત્યારથી. ખરે સ્વર્ગ સમી બની જાય,
આ ભૂમિમાં—૧૮

સ્વદેશ પ્રીતિ.

ગરબી.

રાગ-પુનમ ચંદનીનો સાખી વગર ગાવાનો.

એવા [1]જડજીવા આ જગત વિષે જોયા નથીરે;

---

૧. મુડદાલ જીવવાળા, સ્વદેશાભિમાન રહીત.

જે જન બહુ મમતાથી હ્રદયે મૂકી હાથ.
" મારો દેશ અને મુજ દેશી " ન કહે પ્રેમથીરે—૧
જેનું મન મુડદાલ થયેલું પામર તે હશેરે,
તેને દેશતણી નહિ હોય હ્રદયમાં દાઝ;
પોષી પિંડ અને પશ્વાદિ પેઠે જીવશેરે. ૨
ફરતાં પરદેશે બે દેશી જ્યાં ભેગા થશેરે,
દોડી પ્રેમે પકડે એક બીજાનો હાથ;
પૂછી નામ ઠામ નિસ્બતને ભાવે ભેટશેરે. ૩
જોયી જંગલવાસી સહાય થતા નિજ દેશીનેરે,
જળ ફળ આપી કરતા દેશીનું સન્માન;
પૂછે પ્રેમ થકી ખબરો તે પાસે બેસીનેરે. ૪
દુર્બળ પહાડીને પણ દાઝ ઘણી નિજ દેશનીરે,
ત્યારે આર્યજનોમાં એવા શાને હોય;
જેને લેશ નથી નિજ દેશી માટે લાગણીરે. ૫
પૂર્વે આર્યજનોમાં એવા બહુ જન થઇ ગયારે;
જેણે દેશતણું હિત કરતાં ખોયા પ્રાણ;
પાછળ નામ અમર મૂકીને સ્વર્ગે સંચર્યારે. ૬
આજે જીવતણા જોખમની ગરજ રહી નથીરે,
કરવા તન, મન, ધનથી દેશીની સંભાળ
દુર્બળ દેશ તણા હિત માટે સૌ મંડો મથીરે. ૭
છોડી સ્વાર્થ અને પરમાર્થ પોષો પ્રેમથીરે,
રૂડા યત્ન વિષે પરમેશ્વર કરશે સહાય;
રાજી થઇને સૌને સુખીઆં કરશે રહેમથીરે. ૮

સ્વદેશની ઉન્નતિ વિષે.

ગરબી.

" શ્યામરંગ સમિપે ન જાવું, મારે આજ પછી શ્યામ રંગ સમિપે ન જાવું. એ રાગ.

આદરોને ઉન્નતિ સ્વદેશની ઓ દેશી હવે આદરોને
ઉન્નતિ સ્વદેશની.

એકવાર ભરતખંડ સર્વને શિરે ચઢી,
કીર્તિરૂપી પહાડથી ગયો પડી; ઓ દેશી હવે. (ટેક) ૧
હિંદને સુભાગ્યે આજ એક નેક રાજ્ય છે;
ઉઠવાનો તાકડો તો આજ છે. ઓ દેશી૦ ૨
રાજનું રખાપું, રૂડું ટાંકણું અમૂલ્ય છે,
આદરો તો સર્વ અનુકૂળ છે. ઓ દેશી૦ ૩
કલેશ ને કંકાસ નથી શાંતિ સર્વ ઠામ છે,
વિદ્યાનો પ્રસાર ગામેગામ છે. ઓ દેશી૦ ૪
આર્ય અંધકારમાંથી આવ્યા છે ઉજેશમાં,
જાગ્યા છે જુવાન આખા દેશમાં. ઓ દેશી૦ ૫
હુન્નર વધારો ખરી ખંતથકી આપણે,
દામ લાવો નીકળી દેશાટણે. ઓ દેશી૦ ૬
હિંદ છે જોડાયલું આ રેલવે ને તારથી,
વાળી લાવો લક્ષ્મિને વેપારથી. ઓ દેશી૦ ૭
બાળને સુધારો તમે વધુને વિચારમાં,
નાનપણે નાંખો ન સંસારમાં. ઓ દેશી૦ ૮
નાનપણે બાળ રખે મોજશોખમાં પડે,
રખે તે ખરાબ [1]મારગે ચઢે. ઓ દેશી૦ ૯
મોજશોખ માણવાના દીન હજુ દૂર છે,

---

૧ માર્ગે.

લક્ષ્મી કેરી ભીડ ભરપુર છે. એ દેશી૦ ૧૦
કાપીને કુસંપ, સંપ દેશમાં ખડો કરો,
દેશીઓની દાઝ દિલમાં ધરો. એ દેશી૦ ૧૧
ઉદ્યમે મચીને મિત્ર હામ નવ હારશો,
ઇશની કૃપાથી સુખીઆ થશો. એ દેશી૦ ૧૨

રજપૂતાણી વિષે.

હરીભજન થકી છોટા હોય તે સૌથી મોટા થાય.
એ રાગ.

રજપૂતાણી આર્યતણાં રત્નોમાં તું પણ એક છે.
જગ જાણીતો અચળ અનુપમ શાણી તારો ટેક છે,
રંગીલી રૂડી રૂપવતિ, અવનીમાં જેને એક પતિ;
સંસારવિષે સુખ રૂપ સતિ. રજપૂતાણી૦ ૧ (ટેક.)
તું જબરા જોદ્ધતણી માતા, પૃથ્વીપર જે બહુ પંકાતા;
રણજંગ વિષે રમવા ચહાતા, રજપૂતાણી૦ ૨
તું ધીરજથી બહુ કષ્ટ ખમે, તું ભય આવે રણક્ષેત્ર રમે;
પતિના સુખ સારૂ દેહ દમે. રજપૂતાણી૦ ૩
તું જન્મીને જીવી જાણે, તું સુખ દુખને સરખાં માને;
પતિવ્રતમાં પણ પહેલે પાને, રજપૂતાણી૦ ૪
બળતી ચહેમાં પતિ સાથ બળે કદિ ધર્મથકી તે કેમ ચળે;
તુજ દર્શનથી તનતાપ ટળે, રજપૂતાણી૦ ૫
પતિ કે તન પ્રાણ થકી પ્રિય જે, બહુ બાણ બર્છીની વૃષ્ટિવિષે;
વડી હોંસ થકી તું વિદાય કરે, રજપૂતાણી૦ ૬
રજપૂત કદી રણથી નીસરે, બની કાયર પગ પાછોજ ફરે;
તુજને મળવા નવ હામ ધરે, રજપૂતાણી૦ ૭

સતિ ધન્ય તને બહુ ધન્ય ખરે, અવગણના તારી જેહ કરે;
તે રઝળી કે રીબાઈ મરે, રજપૂતાણી૦ ૭

જીવતરનું સાફલ્ય.

પદ.

ફુલ્યો શું ફરે છે રે ભુલ્યો ભવકુપમાં પડયો.—એ રાગ.

ધર્મ ઉર ધાર્યો રે એ સુખની તો બલિહારી,
જન્મ ધરી કીધું રે જીવતર જયકારી;
બાળક કો બહુ લાડકવાયો, સ્વજનને પ્રીયકાર,
સબળાં માતપિતા શિર ગાજે, મનમાં ન ફિકર લગાર;
વિદ્યાનો વિલાસીરે, એ સુખનીતો બલિહારી. જન્મ૦ ૧
[1]પૂરણ બ્રહ્મચર્ય પાળી પ્રતાપી, વિદ્યા વપુમાં ભરપુર,
યોગ્યવયે વરને વધુ પરણ્યાં, પ્રેમથી પૂરણ ઉર;
દિલ એક બેનાંરે, એ સુખનીતો બલિહારી. જન્મ૦ ૨
મીઠું બોલીને મન હરનારી નિષ્કપટી દિલદાર,
સુખદુખનો સંસારમાં સાથી, ઘરતણો શણગાર;
એવી ઘેર નારીરે, એ સુખનીતો બલિહારી. જન્મ૦ ૩
પૈસે ઘરમાં ભીડ ન ભારે, પુરૂષ પરમ ઉદાર,
દુખીઆજનની દાઝ ધરીને, કરીને પરઉપકાર;
ઉરમાં ઉલ્લાસેરે, એ સુખની તો બલિહારી. જન્મ૦ ૪
સંસારી પણ સંત છે સાચો, પ્રભુમાં પ્રેમ અપાર,
જગદીશ્વરપર ભારે ભરોસો, કોઇથી ડરે ન લગાર;
મોટાનો માનીતોરે, એ સુખની તો બલિહારી. જન્મ૦ ૫
શૂરો કો' સરદાર સવાયો, જુદ્ધે ચઢયો જશ કાજ,
દેશ કે રાજ્યનું રક્ષણ કીધું, જાણીને નિજજન દાઝ;

---

[1] પૂર્ણ.

જંગ જીતી આવ્યોરે, એ સુખની તો બલિહારી જન્મ.
વૃદ્ધ વયે સંસાર તરીને મૂકીને સુત પરિવાર,
સંસારી સહુ વાત તજીને, પ્રભુમાં થયો એક તાર;
નથી અર્થ બીજોરે એ સુખની તો બલિહારી. જન્મ૦ ૭
માતપિતા સુત બાંધવ સ્નેહી રંક અને વળી રાય,
પોત પોતાનો ધર્મ બજાવે તો અંતરમાં સુખ થાય;
શાંતિ શાંતિ શાંતિરે ! ! એ સુખની તો બલિહારી. જન્મ૦ ૮

સ્ત્રીઓને માટે પ્રાર્થના.

ગરબી.

તારૂં ગોકુલ જોવાને આવરે મથુરાંના વાસી—એ રાગ.

મને સંસાર સાગર તારરે પ્રભુ જક્ત નિવાસી;
અવિનાશી અંતરજામી તુંરે, શક્તિતણો નહિ પાર,
સંસારમાં સુખ આપીયાં, માનું કેટલો હું ઉપકારરે. પ્રભુ૦ ૧
ઉપકાર કો દિ વળે નહિરે, અલ્પ હું પામર જાત;
પ્રાર્થના ભલા ભાવની મારી, સ્વીકારજે જગતાતરે પ્રભુ૦ ૨
સંસારે સુમતિ આપજેરે, કુમતિ કાપી સદાય;
ભક્તિમાં ભાવ વધારજે, મારાં પાપ તો પ્રલય થાયરે. પ્રભુ૦ ૩
પાપના પંથથી વેગળીરે, રાખજે રામ હમેશ;
ઉરમાં તું આનંદ આપજે, મારાં કાપજે ક્રોધને ક્લેશરે. પ્રભુ૦ ૪
કામ ક્રોધાદિ છ શત્રુઓરે, મનડાની પુંઠળ ધાય;
સહાય કરો તમે શ્રીહરી, ભવસાગર તોજ તરાયરે. પ્રભુ૦ ૫
સ્વામીનો સ્નેહ સદા હજોરે, રાખજો સ્વામીની સાથ;
દુભું હું સ્વામીને જો કદી, મને જોજે તું જક્તના નાથરે. પ્રભુ૦ ૬
સંસારસાગર હું પડીરે, સંકટનો જહાં સાથ;

તેમાંથી શ્રીહરી તારીને, મારો અંતે ગ્રહો તમે હાથરે. પ્રભુ૦ ૭
અંત સમે બેલી અંતનારે, ભાગજે માયાથી મન;
ઉરમાં વસી જગ તાત તું, લેજે જીવનું કરીને જતનરે. પ્રભુ૦ ૮

પ્રાર્થના.

પદ.

અંત સમાનો તું બેલી, હરી મારો અંતસમાનો તું બેલી;
મારી સાચવજે પળ છેલી, પ્રભુ મારો અંતસમાનો તું બેલી,
ઓસડ વેસડ આવી રહેશે ને દુનીઆતો મહેલશે હેલી;
તે સમે આ પ્રભુ તારા વિના, હશે ઓથ ન એક રહેલી,
હરી મારો ૦ (ટેક) ૧
આંસુ વિલાપથી અળગાં રહીને, સઘળાં સગાં મારાં રડશે;
કલેશ કરી મન કલેશ ઉપજાવી, વહાલાં વેરી થઇ પડશે.
હરી મારો૦ ૨
તે સમે માયાથકી મન મારૂં ઓ પ્રભુ વેગળું ધરજે;
આનંદ રૂપ પ્રભુ ઉર આવી વિષમે સમે વહાર કરજે.
હરી મારો૦ ૩
જીવની જેહ ગતિ અતિ સારી, તે ગતિ મારી તું કરજે;
આ દેવ દાસતણી દીન વાણી, મહેર કરી મન ધરજે.
હરી મારો૦ ૪

મ્હાડ.

પ્રભુ, બાળક તારાં, મનડાં અમારાં સીધે રસ્તે પ્રેર;
અમે બાળક તારાં, મનડાં અમારાં સીધે રસ્તે પ્રેર.
સંસાર છે બહુ દોહ્યલો,
કેમ ખેડીને પાર જવાય;
આડાને અવળા પંથમાં,
કઈ મહાજન ગોથાં ખાય રે. પ્રભુ૦ ૧
લોભ અને બહુ લાલચો તે,
અમથી કેમ જીતાય;
હોય કૃપા પ્રભુ તાહરી.
અમો બાળનાં કારજ થાય રે. પ્રભુ૦ ૨
બાળને બુદ્ધિને આશરે,
જાય છોડીને જો નિજ તાત;
નહિ કરવાનું તે કરે,
વળી પળમાં કરે નિજ ઘાત રે. પ્રભુ૦ ૩
મિથ્યા અભિમાન જીવને,
તેની બુદ્ધિની કોણ વિસાત;
ડાહ્યાનું ડહાપણ કેટલું,
તુજ આગળ ઓ જગતાતરે. પ્રભુ૦ ૪

પોતાના દોષ જોવા વિષે.

“ આસો માસે શરદ પુનમની રાતજો.” એ રાગ.

સારી આ શીખામણ સર્વે સાંભળો.
કહુંછું આણી ઉરમાં ઉંડી દાઝ જો;
દુનિયાના લોકોમાં દોષ વધી પડયા,
તેનું શોધે કોઇ ન કારણ આજજો. સારી આ૦ ૧

મોટાના અવગુણ તો સહુ ઢાંકયા રહે,
તેને કહેવા કોઇ ન બીડે હામ જો;
આજ વધીને અમણા તમણા થાય છે,
તોય વખાણે મુખપર લોક તમામ જો. સારી આ૦ ૨

સામાના દોષો તો સહુ જોતા રહે,
રાઇ સમો કણ કોળા સમ દેખાય જો;
નિજ અવગુણ તો વિરલા જન જોવા મથે,
ખંત જુએ તો તેનાં કારજ થાય જો. સારી આ૦ ૩

દોષ વધ્યા તે સાથે દુઃખ વધ્યાં ઘણાં,
માટે તેનો કરવો કંઇ પણ ક્યાસ જો;
પોતાના દોષો સૌ પોતે પારખો,
હૃદયતણી સૌ રાખો રોજ તપાસ જો. સારી આ૦ ૪

સુતા ઉઠી સ્મરણ કરો જગદીશનું,
માગો મુખથી એવું પ્રભુની પાસ જો;
દિવસ બધામાં દુર્બુદ્ધિ આવી ખસે,
સત્કર્મોનો સદા રહે અભ્યાસ જો. સારી આ૦ ૫

એવો ઉદ્યમ ઉરથી સહુ જન આદરો,
નિશ્ચય કરીને નિર્મળ રાખો ચિત્ત જો;
દુઃખ જશે ને સુખના દહાડા દેખશો,
પ્રભુજીકેરી પૂરણ વધશે પ્રીત જો. સારી આ૦ ૬

સુતાં પાછા સ્મરણ કરો જગદીશનું,
સુખને માટે માનો પ્રભુનો પાડ જો;
વળતી પૂછો પ્રશ્ન ઘણા મનને તમે,
દિવસ બધામાં કીધો કાંઇ અનાડ જો ? સારી આ૦ ૭

પરમાર્થ કીધો કે પીડ્યા લોકને ?

કાળું હૃદય હતું કે ચોખું ચિત્ત જો ?
નિંદા મેં કીધી કે રૂડું ભાખીયું ?
દ્વેષ કર્યો કે પૂરણ રાખી પ્રીત જો ? સારી આ૦ ૮

ભુંડું કરીને રાચ્યો છું હું કોઇનું ?
ભુંડું ઇચ્છી ભૂલ્યો છું નિજ ધર્મ જો ?
ભુંડાના સંગે શું હું ભુંડો થયો ?
અવળો ચાલી કીધાં કુડાં કર્મ જો ? સારી આ૦ ૯

નિજ મન ઓછાં મોટાં મનના માનવી,
બીજાના અવગુણની વળતી વાત જો:
સૌ સૌનું સંભાળે સૌ સુખ પામશો,
નવ થાશો કો રાંક દમી રળીઆત જો. સારી આ૦ ૧૦

ટીલાં ને ટપકાં નવ રાખો એકલાં.
તેની સાથે મનનો કાઢો મેલ જો;
માળાના મણુકા નવ મેલો એકલા,
રાખો નાતિ તે સાથે સામેલ જો. સારી આ૦ ૧૧

ભુંડું શું ભાખો છો ભક્ત બની ઠણી,
જ્ઞાની થઇને મનમાં રાખો દ્વેષ જો;
મેલું મન રાખો છો શુદ્ધ શરીરમાં,
મન માર્યા વિણુ મિથ્યા વેશ વિશેષ જો. સારી આ૦ ૧૨

જગત બધું જાણે છે જાઠા વેષને,
તોપણુ મુખપર કરતા સર્વ વખાણુ જો:
તેથી નવ ભૂલાતા ભારે માનવી,
ઇશ્વર તો છે બાહ્યાંતરનો જાણુ જો. સારી આ૦ ૧૩

દુનિયાના ડાહ્યા નવ થાશો એકલા,
ઇશ્વર રાચે એવાં કરજો કર્મ જો.
ચાર ઘડીનું ચાંદરણું ચાલી જશે,
વળતી ઇશ્વર જોશે ધર્મ અધર્મ જો, સારી આ૦ ૧૪

મન ચોખું રાખો તો મહાપદ પામશો,
બીજા જાણો મિથ્યા સર્વ ઉપાય જો;
ટેક રહ્યો દુનિયામાં તેથી શું થયું,
જો ઇશ્વરનો અનુરાગીપો થાય જો. સારી આ૦ ૧૫

નિજ મનને શોધેથી દુર્ગુણ વામશો,
વળતી વધશે પ્રભુમાં પૂરો પ્રેમ જો;
તેથી સજ્જન શાંતિને સુખ પામશો,
પ્રભુ પણ તત્પર રાખે રૂડી રહેમજો. સારી આ૦ ૧૬

મરણના દુઃખ વિષે.

" હાલો લીમડોરે લીલી કેવડીઆની છાંય. "
એ રાગને મળતો.

મરવાં દોહ્યલાંરે, કાયા કેમ કરી છોડાશે,
ચીંતા ચિત્તમાંરે શી ગતિ મરણ પછીથી થાશે.
કંચન વરણી કાયમાં કંઇ રોગ ઘણા ઉભરાશે
મરવાં દોહ્યલાંરે, ૧

મરવાં સોહ્યલાંરે સંતો સુખે જગતથી જાશે;
નીતિ ભક્તિમાંરે, રહીને પરમાર્થમાં ધાશે,
ચેતી ચાલ્યા ચિત્તમાં તે. જરા નહી પસ્તાશે. મરવાં સો૦ ૨

સુખ સંસારનાંરે, મરતાં માણસને સાંભરશે,
ભોગ ભલા ભલારે મૂકી કાય મશાણે ઠરશે;

વહાલાંને કરી વેગળાં આ જીવ જતાં અકળાશે. મરવાં દો૦ ૩

વૈભવ વિશ્વનારે, મરતાં સંત નહિ સંભારે,
કાયા ક્યાં પડીરે, ધન, સુત, દારા સર્વ વિસારે;
શરણાગત જગદીશનો, અવિનાશી થઇને ચાલે. મરવાં સો૦ ૪

સહુ જન કષ્ટમાંરે, એને દેખીને દિલ દાઝે
આંખે આંસુડાંરે, સૌનાં મુખ ભર્યાં ઉચાટે;
દુખીઆ, આ દેખાવથી નિજ હૈડું કેમ ન ફાટે. મરવાં દો૦ ૫

જુદા જક્તનેરે, જેણે પ્રથમ થકીજ પિછાણ્યું,
સુખ દુઃખ સામટુંરે, જેણે મનથી મિથ્યા માન્યું:
ઇશ્વરને શરણે થયો તો સુધરે મરવા ટાણું. મરવાં સો૦ ૬

સહુ વીંટાઇનેરે, વહાલાં બહુજ વિલાપે રડશે,
સ્વર નિશ્વાસનારે, મરતા જનને કાને પડશે:
વજ્ર તણી છાતી હશે પણ એક પલક પીગળશે. મરવાં દો૦ ૭

સૂતાં સાંભળેરે, સંતો શાંત મને સુખ ઝાઝે,
નાદ નવા નવારે, મીઠા થાય મધુર અવાજે;
જાણે, દુંદુભી દેવનાં કંઇ ગગન વિષે રહી ગાજે. મરવાં સો૦ ૮

કાયા કંપશેરે, મરતાં કંઠ બહુ રૂંધાશે.
ભૂખ્યા પેટમાંરે ફળ કે અન્નોદક નહિ જાશે;
ઉરમાં છે ઇચ્છા ઘણી પણ મુખથી નહિ બોલાશે. મરવાં દો૦ ૯

આત્મા એકલોરે, જૂદો કાય થકી પડી જાશે,
કષ્ટો કાયનાંરે, તેથી તેને નહીંજ જણાશે;

ધ્યાન ધરી જગદીશનું તે પૂર્ણ કામબની જાશે. મરવાં સો૦ ૧૦

છોડી કાયનેરે, ક્યાં આ જીવ તણી ગતિ થાશે,
આપે એકલોરે આગળ અંધારે અથડાશે;
નિજજનથી નોખોપડ્યોછે કોણ હવે કર સહાશે. મરવાં દો૦ ૧૧

સાચા સંતનેરે, પ્રભુજી સદા વસે સંગાતે,
એ નથી એકલોરે, પ્રભુ છે મુઆ પછી પણ માથે;
સુખીઓ જીવ સદા રહે જ્યાં સાચો બેલી સાથે. મરવાં સો૦ ૧૨

પ્રભુને ભજવા વિષે

"પ્રભુને ભજતાંરે વારે" એ રાગ.

પ્રીતે પ્રભુનેરે ભજીએ,
શાણાં થઇ આગળથી સજીએ, પ્રીતે૦ ૧
ગરવા ગરબારે ગાઇએ,
સખીઓ હળી મળીને હરખાઇએ. પ્રીતે૦ ૨
રમવા જમવારે જઇએ;
વિનય થકી વહાલાંમાં રહીએ. પ્રીતે૦ ૩
સુખ લેવાનેરે ચાહીએ,
તોપણ વિશ્વ થકી ન વગ્હાઇએ. પ્રીતે૦ ૪
આખર મરવાંરે સાચાં,
મોહ માયાથી વળીએ પાછાં. પ્રીતે૦ ૫
જગને છોડીરે જાવું,
તો એમાં નહિ બહુ લપટાવું. પ્રીતે૦ ૬
જો લપટાશોરે જાળે,
મરણ સમે માયા બહુ સાલે. પ્રીતે૦ ૭

સાચી વસ્તુરે શોધો.
મમતા છોડી મનને બોધો, પ્રીત૦ ૮
જુઠી જગનીરે માયા,
ડાહ્યા જે હરી ભજવા ધાયા. પ્રીત૦ ૯
જબરા જોદ્ધારે ઝાઝા,
માટીમાં મળીઆ મહારાજા. પ્રીત૦ ૧૦
સૌને પડતાંરે પેખ્યાં.
રાજા રાંક તણાં નથિ લેખાં, પ્રીત૦ ૧૧
કાચીં કાયારે પડશે,
જીવ અમર જોશો તો જડશે. પ્રીત૦ ૧૨
સુખ દુઃખ જગમાંરે સાથે,
ચોખું સુખ ચઢે નહિ હાથે. પ્રીત૦ ૧૩
બીજી દુનિયાંરે લેખે,
સાચા સંત મરીને પેખે. પ્રીત૦ ૧૪
સાચાં સુખ છેરે તેમાં,
દુખનું નામ મળે નહિ જેમાં. પ્રીત૦ ૧૫
એ સુખ કેરાં રે, ઠામો
નીતિ ભક્તિથી નિશ્ચય પામો. પ્રીત૦ ૧૬

સાચાં સુખ.

"હવે નહિ જાઉં મહી વેચવારે લોલ" એ રાગ.

સાચાં તે સુખ પરલોકનાંરે લોલ,
વૈભવો વિનાશકારી વિશ્વનારે, લોલ;
ભોગ ભર્યા રોગના તમામ, સુખ ક્યાં મળે રે લોલ,
સાચાં તે સુખ પરલોકનાંરે લોલ. ૧
સુખ મળે છે જે સમાગમેરે લોલ.

આખરે વિયોગ કેરૂ કષ્ટ તેની સાથ છે રે લોલ. સા૦ ૨
સુખ માટે સર્વ જો લઢી મરે રે લોલ,
મેળવીને શાંતિ નવ થાય, અધિકું ચહેરે લોલ, સા૦ ૩
સુખડાં ને દૂખડાંનો ખીચડોરે લોલ.
પામરોજ પ્રીત ધરી ખાય પછી બરબડેરે લોલ, સા૦ ૪
નિર્મળાં છે સુખ પરલોકનાંરે લોલ,
દુઃખનું ન નામ કે નિશાન સંત લોકનેરે લોલ. સા૦ ૫
દુખડાં ન હોય ત્યાં દુકાળનાં રે લોલ,
ચોરકે ચકોરની ન બ્હીક લેશ લોકનેરે લોલ. સા૦ ૬
દેહ નથી વ્યાધિથી વીંટાયલારે લોલ,
આધિ કે ઉપાધિ રહે દૂર સંત લોકથીરે લોલ. સા૦ ૭
કષ્ટ નથી કારમાં વિયોગનાંરે લોલ,
મોત નથી મારતાં ત્યાં ઝડપ ઝટ જીવનેરે લોલ. સા૦ ૮
જીભમાં મીઠાશ ઝેર ઉરમાંરે લોલ,
એવા નથી સંતના સ્વભાવ શુદ્ધ લોકમાંરે લોલ. સા૦ ૯
ઉરમાં છે ઉભરા આનંદનારે લોલ,
સત્યનેજ સર્વ લોક ચાહી શાંતિમાં વસેરે લોલ. સા૦ ૧૦
ઇશ ત્યાં સમીપ અહોનીશછેરે લોલ,
ભૂપનોય ભૂપ ભલા ભક્ત શિર ગાજતોરે લોલ. સા૦ ૧૧
પ્રેમમાં પ્રમત્ત સંત ડોલતારે લોલ,
સત્યમાં છે સર્વદા નિવાસ ઇશ આશરેરે લોલ. સા૦ ૧૨
જ્ઞાનીને વિવેકી નર નારીઓરે લોલ,
ભોગવો એ સુખ ભલી ભાત, મેલ પરહરીરે લોલ. સા૦ ૧૩
વહાલાં વીસારો જુઠા જક્તનેરે લોલ,
પ્રેમે પ્રભુના ગુણુ ગાઓ શુદ્ધ ચિત્તથીરે લોલ. સા૦ ૧૪
આંટીઓ ને ઘુંટીઓ આ વિશ્વનીરે લોલ,
કૂડને કાપટય કરો દૂર, પછી ભોગવોરે લોલ. સા૦ ૧૫

સંત હશે કે સતિ સાધ્વીરે લોલ,
રાજા હશે કે કદી રંક તેય પામશેરે લોલ. સા૦ ૧૯

કૈસરેહિંદ જ્યોર્જને આશીષ.

" ધાજોરે વનમાં ગાજે મેહુલા ,, એ રાગ.

બહુ જીવો જ્યોર્જ કૈસર હિંદનો,
કીર્તિ એની જગસઘળામાં જામો જો. બહુ જીવો (ટેક) ૧

રૈયતને પાળી જય વર્ત્તાવજો,
શાંતિનાં સુખ સર્વ પ્રજાજન પામો જો બહુ જીવો. ૨

ચાંદો ને સૂરજ આથમતા નથી,
એવો એના રાજ્યતણો વિસ્તાર જો. બહુ જીવો. ૩

ધરતી ને દરીએ દળ એનાં વડાં;
બહુ બેટામાં એની ફરતી આણજો. બહુ જીવો. ૪

રાજા ને રાણાનો રક્ષક વડો,
રાંક પ્રજાનો રૂડો એ રખવાળ જો. બહુ જીવો. ૫

અંતરનો ઉમળકો સૌને ઘણો,
માટે મહારાજાને દો આશીષ જો. બહુ જીવો. ૬

અહીં સૌનો ઉદય થજો એના વડે,
વૈભવ એને આઘણા આપો ઇશ જો. બહુ જીવો. ૭

કુશળ હજો પુત્ર અને પરિવારમાં,
પ્રસરો એનો જગમાં પ્રૌઢ પ્રતાપ જો. બહુ જીવો. ૮

ભાગ ત્રીજો.

આખ્યાન અને કહાણીઓ.

કંજુસની કહાણી.*

સુમચંદશેઠની ઉજાણી.

ગરબી.

"જુમનાં જાવાદો પાણી." એ રાગ

સુણ સખી કંજુસની કહાણી, બહુ બહુ ઉપયોગી જાણી;
કવિએ ગરબામાં આણી, સુણ સખી૦ ૧
સુમચંદ શેઠ ઘણા ડાહ્યા, પૈસે પૂર્યા છે પાયા;
કે'થી જાય નહીં વાહ્યા. સુણ સખી૦ ૨
નાણાં ઘરમાં બહુ દાટયાં. છોરૂ અન્ન લુખું ખાતાં;
કપડાં પહેરે છે ફાટયાં. સુણ સખી૦ ૩
લખપતિ લોક કહે એને વ્યાજે ધન ફરતું જેને;
ન ગમે ખરચ કશું તેને. સુણ સખી૦ ૪
એક દિન શેઠાણી ભોળાં, વિજયા વસ્તારી બહોળાં;
વરને ખીજીને બોલ્યાં, સુણ સખી૦ ૫
બીજા લોક બહુ બહાને, લઇને મિત્ર સગાં ટાણે;
જઇને બાગે સુખ માણે. સુણ સખી૦ ૬
હું તો લખપતિને પરણી, કેવી મારી છે કરણી,

---

*જોન ગિલપિનનું અનુકરણ

ગઇ નહીં બહાર કદી ઘરની. સુણ સખી૦ ૭
મરજી વરની મેં રાખી. ઉમ્મર એળે ગઇ આખી;
કડવું વેણ નથી ભાખી. સુણ સખી૦ ૮
છોરૂ પ્રાણ થકી પ્યારાં, ન મળે અંગરખાં સારાં;
લૂખું અન્ન જમે બાળાં. સુણ સખી૦ ૯
સાડી પહેરો નથી સાજી, જમવા ભાખર ને ભાજી;
હું તો દેખી મરૂં દાઝી, સુણ સખી૦ ૧૦
સુણતાં શેઠ વધા વાણી, શાને કકળે છે શાણી;
કાલે જઇશું ઉજાણી. સુણ સખી૦ ૧૧
નોતર મિત્ર સહોદરં જે, સઘળી તૈયારી કરજે;
સીધાં કોથળીએ ભરજે. સુણ સખી૦ ૧૨
વદતાં શેઠાણી લાડે, ગાડી ચાર કરો ભાડે;
ચાલો બાગ વિષે કાલે. સુણ સખી૦ ૧૩
"નક્કી" શેઠ કહે " જાવું" "ગાડી ગોવિંદની લાવું;"
" હયનું હરજીને કહાવું. " સુણ સખી૦ ૧૪
ગોવિંદ ગામડીએ ઠરતો, કાંધાં શેઠ ઘરે ભરતો;
ગાડું ગરજ પડે ધરતો. સુણ સખી૦ ૧૫
તેની ગાડી મંગાવી, વેગે વણ પૈસે આવી;
લેથી સુમચંદને ભાવી, સુણ સખી૦ ૧૬
હરજી હીરાપર રહેતા, નાણાં શેઠ કને લેતા;
ઘોડો ગરજ પડે દેતા. સુણ સખી૦ ૧૭
ઘોડો હરજીનો આવ્યો, ચાકર દોરીને લાવ્યો;
શેઠે ખીલે બંધાવ્યો. સુણ સખી૦ ૧૮
વિજ્યા વરજીને કહાવે, પરવર છોરૂને ભાવે;
સારાં શાક કહો લાવે, સુણ સખી૦ ૧૯
વર કહે શાક વિના રહીશું ? વેંગણ વાડીનાં લઇશું;
ખાસું ભરત કરી ખાઇશું. સુણ સખી૦ ૨૦

"વારૂ" વિજ્યા કહે વ્હાલે, "ત્યાં નહીં ચાકર વિણુ ચાલે;
ઘડવાં ગોળ ઘીનાં ઝાલે." સુણુ સખી૦ ૨૧
કહેછે શેઠ "ભલી ભાતે," હું તે સંભાળું જાતે;"
" સીધાં સૌ લ્યો તમ સાથે". સુણુ સખી૦ ૨૨
" ચાકર સાથે જો થાશે," "સૌથી બમણું તે ખાશે;"
તેથી ખરચ વધી જાશે." સુણુ સખી૦ ૨૩
સમજ્યાં શેઠાણી મનમાં, કંઇ બોલ્યાં નહીં ડહાપણમાં;
અટકે ઉજાણી ક્ષણમાં. સુણુ સખી૦ ૨૪
સીધાં સામગ્રી લઇને, બેઠાં ગાડીમાં જઇને;
સ્નેહી સૌ ભેગાં થઇને. સુણુ સખી૦ ૨૫
ઉપર બે બાજુ ઉળવાં, ઘીને ગોળતણાં ઘડવાં;
શેઠે ઠીક કરી ભરવ્યાં, સુણુ સખી૦ ૨૬
સઘળી તૈયારી તાગ્યા, આવી વછીઆતો લાગ્યા;
સુખથી માલ ઘણા માગ્યા. સુણુ સખી૦ ૨૭
સુમચંદ ત્યારે ગુંચાયા, છે સૌ પૈસાની માયા;
આપણુ ડાહી માના જાયા. સુણુ સખી૦ ૨૮
નાણું આવ્યું કેમ છોડું જાતાં જો થાશે મોડું;
જલદી દોડાવું ઘોડું. સુણુ સખી૦ ૨૯
કરથી સાન કરી સીધી, ગાડીને જવા દીધી;
કુંચી કેડ થકી લીધી. સુણુ સખી૦ ૩૦
ઘરમાં ઉઘાડી પેઠા, સાથે વછીઆતો બેઠા;
કીંમત માલતણી કહેતા. સુણુ સખી૦ ૩૧
રગઝગ કીંમતમાં કરતાં, વિક્રય માલતણો ઠરતાં;
લાગી વાર ઘણી વળતાં. સુણુ સખી૦ ૩૨
વિજ્યા પ્હોંચ્યાં છે પહેલાં, જાણે હર્ષ થકી ઘેલાં;
ચૂલે આઘણુ તો મેલ્યાં. સુણુ સખી૦ ૩૩
કાઢ્યાં કોથળીથી સીધાં, રાંધણુ તો ચાલુ કીધાં;

ઘી ને ગોળ નહીં દીઠાં. સુણ સખી૦ ૩૪

હમણાં શેઠ ખરે આવે, ઘડવાં ગોળ ઘીનાં લાવે;
મોદક કરવા છે ભાવે. સુણ સખી૦ ૩૫

ઉતરે માળ ચઢી હેઠાં, દ્વારે રાહ જોતાં બેઠાં;
રસ્તે જાય જુએ છેટાં. સુણ સખી૦ ૩૬

તોપણ શેઠ નથી જડતા, નજરે નામ નથી પડતા;
બાળક બાપુ કાજે રડતા. સુણ સખી૦ ૩૭

ત્રીજો પહોર થયો જ્યારે, તાગ્યા શેઠ ઘરે ત્યારે;
બેસી હય ચાબક મારે. સુણ સખી૦ ૩૮

ઘોડો ચાબકથી ચમક્યો, ઝાલ્યો કેમ રહે ઝબક્યો ?
નહીં તે અટકાવ્યો અટક્યો. સુણ સખી૦ ૩૯

ખેંચે હય જમણે હાથે, ડાબે પાઘ ગ્રહી માથે;
ચાકર કોઇ નથી સાથે. સુણ સખી૦ ૪૦

કરથી બહુ બળમાં તાણે, પડશે ગભરાયા જાણે;
ઘોડો મનમાં નવ આણે. સુણ સખી૦ ૪૧

ઘડવાં ઉછળીને આવે, હયના પેટ વિષે વાગે;
ભયભિત થઇને તે ભાગે. સુણ સખી૦ ૪૨

ત્યારે શેઠ ઘણા ભડક્યા, હયને હારી ગળે વળગ્યા;
પંથી પેખી રહે અળગા. સુણ સખી૦ ૪૩

શિરથી પાઘ ગઇ ઉડી, કરથી ચાબક પણ છુડી;
બળજો ઉજાણી ભુંડી. સુણ સખી૦ ૪૪

પગથી જોડા પણ સરીઆ, સુમચંદ બહુ શ્વાસે ભરીઆ;
કહે " હય પકડો બાપલીઆ " સુણ સખી૦ ૪૫

ઘડવાં ગોળ ઘીનાં ભાગ્યાં, કેવાં સુમચંદને લાગ્યાં;
જાણે બાણ હૃદય વાગ્યાં. સુણ સખી૦ ૪૬

હયને મન કૌતક ભાસ્યું, જાણે વેંગ ગળે બાઝ્યું;
તજવા જોર કરે ઝાઝું. સુણ સખી૦ ૪૭

દષ્ટિ ખાશ વિષે ફેંકે, શંધણુ અર્ધ થયાં પેખે;
આકુળ વિજયાને દેખે. સુણ સખી૦ ૪૮
સૌને ભૂખ ઘણી લાગી, તેથી કામ બધું ત્યાગી;
રસ્તે નજર કરે આધી. સુણુ સખી૦ ૪૯
દીઠું હય જેવું જ્યારે, આવે ધસમસતું ત્યારે:
સૌને હર્ષ થયો ભારે. સુણ સખી૦ ૫૦
રસ્તે શેઠાણી દાનાં, ઉભાં મોટાં ને નાનાં;
રાતાં બાળ રહ્યાં છાનાં. સુણુ સખી૦ ૫૧
દોડયો હય આવ્યો પાસે, “ પકડો ” શેઠ વદે ત્રાસે;
“ મારા પ્રાણુ નક્કી જાશે ” સુણુ સખી૦ ૫૨
સઘળાં સ્ત્રી બાળક ભોગે, ચાકર કોઈ ન સંજોગે;
હયને કોણુ કહો રોકે. સુણુ સખી૦ ૫૩
વ્યાકુળ સર્વ વદે “ ઝાલો, ” બૈરાં યત્ન કરે ઠાલો;
હય તો વા વેગે ચાલ્યો. સુણુ સખી૦ ૫૪
ફાંફાં શેઠાણી મારે, રડતાં બૂમ ઘણી પાડે;
“ ચઢજો પરભુજી વહારે. ” સુણુ સખી૦ ૫૫
ગાડિત આવ્યો ત્યાં પાસે, હયની પાછળ તે નાસે;
“ પકડો ” “ પકડો ” કહે “ જાશે. ” સુણુ સખી૦ ૫૬
સુણુતાં પંથી કહે “ મારો ” નાસે છે આ લુંટારો;
“ હયને કોઇ અરે ખાળો. ” સુણુ સખી૦ ૫૭
રસ્તે બુમ પડી ખોટી, સૌ કહે લુંટ થઇ મોટી;
નાસે પાળા ને પોઠી. સુણુ સખી૦ ૫૮
પાસે પોલિસનું થાણું, રસ્તે લુંટ થઇ જાણ્યું;
છૂટયા સ્વાર તજી ખાણું. સુણુ સખી૦ ૫૯
આગળ શેઠતણી સ્વારી, પાછળ પોલિસ થઇ જારી;
રસ્તે ભીડ થઇ ભારી સુણુ સખી૦ ૬૦
ખેડુ સૌ ભેગા થઇને, આવ્યા લાકડીઓ લઇને;

નાસે હય પાછળ રહીને. સુણુ સખી૦ ૬૧
હયનો વેગ હતો ભારે, પોલિસ પહોચી નહિ જ્યારે;
ખાલી બ્હાર કર્યો ત્યારે. સુણુ સખી૦ ૬૨
સુણતાં શેઠ પડ્યા ઢીલા, પગ ને હાથ થયા ઢીલા;
રસ્તે લોક જુએ લીલા સુણુ સખી૦ ૬૩
હયથી હારીને પડીઆ, ખોડા રસ્તામાં ખડીઆ;
"મારા બાપ" કહી રડીઆ. સુણુ સખી૦ ૬૪
પોલિસ ત્યાં આવી પહોંચી, સ્વારે ઝાલી છે ખોચી;
શાણા શેઠ રડે શોચી. સુણુ સખી૦ ૬૫
બોલ્યો સ્વાર "ચલો થાણે, ખાલી ઢોંગ કરે શાણે;"
બાંધી હાથ અને તાણે. સુણુ સખી૦ ૬૬
બીજો બોલ્યો " મેં ખોડા, મુદ્દે માલ મિલે થોડા;
ઉન્ને છોડદિયા ઘોડા." સુણુ સખી૦ ૬૭
ત્રીજો બોલે છે ધારી, કેસી ભૂલ ભયી ભારી;
એ હે બનીઆ વેપારી." સુણુ સખી૦ ૬૮
ત્યારે શેઠ વધા વાણી " મુજને લુંટારો જાણી;
શાને બાંધ્યો છે તાણી. સુણુ સખી૦ ૬૯
હુંતો સજનગર રહું છું, બાગે ઉજાણી જાઉં છું;
સાચેસાચું હું કહું છું. સુણુ સખી૦ ૭૦
ઘોડો મસ્તાનો થઇને, આવ્યો બાગ વટાવીને;
અહીંથી નાઠો નાંખીને. સુણુ સખી૦ ૭૧
પડતાં ઠબકાઓ ઝાઝો, પગમાં ઘા પડીઓ તાજો;
મુજને બાગે લઇ જાજો." સુણુ સખી૦ ૭૨
સ્વારે શેઠ ગ્રહી લીધા, ઘોડે બેસાડી દીધા;
બાગે સૌ ભેગા કીધા. સુણુ સખી૦ ૭૩
હય તો હીરાપર આવ્યો, ઘીને ગોળે છંટાયો;
હરજી બાગ ભણી ધાયો સુણુ સખી૦ ૭૪

બાગે આવ્યા સૌ થાકી, ત્વારે શોધ કરી પાકી;
ત્યારે ભૂખ બધી ભાગી. સુણ સખી૦ ૭૫
અન્ન તો ટાઢાં ને લૂખાં, સૌનાં પેટ ભર્યાં ભૂખ્યાં;
ત્વારે ઘેર જઇ મૂક્યાં. સુણ સખી૦ ૭૬

વાભાઇનો ખેલ.

ગોકુળીએ ભાઇ ચાલોરે " એ રાગ.

એક દિન વા બહુ ગર્વે ભરાયો,
ધાંધળ કરવાને ધાયોરે, વાએ ખેલ મચાવ્યો. (ટેક.)
પહેલાં તો તે દરીઆ ભણી દોડયો,
વહાણ તણો શઢ તોડયોરે. વાએ ખેલ.
ભોળા ઉતારૂને ભયભીત કીધા,
કંઇક તણા ભોગ લીધારે. વાએ ખેલ.
ત્યાંથી પછી ગામડા ભણી ધાયો,
ચોરા ઉપર ચઢી આવ્યોરે. વાએ ખેલ.
ચોરેથી ચલમ પટેલની પાડી.
માથેથી પાઘ ઉરાડીરે. વાએ ખેલ.
હાથ બેહું ધરી ઘુંઘટ તાણી,
પટલાણી જાય છે પાણીરે. વાએ ખેલ.
ઘુંઘટ પેસતાં વા નવ લાજ્યો,
કાનમાં પેસીને ગાજ્યોરે. વાએ ખેલ.
રેંટીઓ કાંતતી ડોશીને દેખી,
વાયુએ તૃણવત્ લેખીરે. વાએ ખેલ.
સુતર તોડયું ને પૂણી ઉરાડી,
ડોશી ઉઠી રાઢ પાડીરે. વાએ ખેલ.
સર્વ કહે બાઇ બળીઆથી લઢીએ,

નિર્બળને નવ નડીએરે. વાએ ખેલ,
વાયુ પછી વડા શહેરમાં આવ્યો,
રાજાનો મ્હેલ હલાવ્યોરે. વાએ ખેલ.
તોડયું નિશાન અને ભુર ભાખે,
"ધરતી ધ્રુજે મુજ હાકેરે. વાએ ખેલ.
પહાડ ને પર્વત નાંખું હલાવી,
આકાશ મુકું ગજાવીરે." વાએ ખેલ.
સૂર્ય કહે એવું વદીએ ન ભાઇ,
મિથ્યા ન કરીએ બડાઇ રે. વાએ ખેલ.
સુણતાંજ સૂર્યને ધૂળથી ઢાંક્યો,
પાણીછલ્લો કરી નાંખ્યો રે. વાએ ખેલ.
ગર્વ ધરી પહાડ તોડવા દોડયો,
પર્વતે વાયુને ઓડયોરે. વાએ ખેલ.
મારે ઝપાટા ને પાડે બરાડા,
સ્થિર થઇ ઉભા કસડારે. વાએ ખેલ.
જોર કર્યું પણ કંઇ નવ ચાલ્યું,
શિખર હલાવ્યું ન હાલ્યુંરે. વાએ ખેલ.
થાકીને વા પછી ગલીઓમાં ધાયો,
ખાડા ને ખોમાં ભરાયો રે. વાએ ખેલ.
આગળ જાવાનો રસ્તો ન સૂઝે,
વાયુ તો થરથર ધ્રુજેરે. વાએ ખેલ.
ઉંચે ચઢે વળી ઉતરે હેઠો,
થાકી ગુફામાંહી પેઠોરે. વાએ ખેલ.
શોધતો આવી ચઢયો રવિ શાણો,
વાને ગુફામાંથી આણ્યોરે. વાએ ખેલ.
વંકેલા વાયુને ઉધડો લીધો,
પાણીથી પાતળો કીધોરે. વાએ ખેલ.

મેવાડનો રાણો રાયમલ.

"વૈદરભી વનમાં વલવલે"—એ રાગ.

રાયમલ રાણો મેવાડનો, જેનો નિર્મળ ન્યાય;
રજપૂત મધ્યે શીરોમણી, જશ જગમાં ગવાય.
રાયમલ રાણો મેવાડનો. (ટેક.)
ટુંક ટોડે ઠરે તે સમે, રાય સુરતન રાજ;
લિલા પઠાણે હરાવીને, તેનું લીધું છે તાજ. રાયમલ રાણો.
સુરતન નાસીને આવીઓ. રહ્યો બેદનુર ગામ;
મેવાડમાં મશહુર છે, રજપૂતનું ઠામ. રાયમલ રાણો.
સુરતન ઘેર કુમારિકા, રૂડી રૂપ નિધાન;
તારા છે નામ તથાપિ તે, શશી પૂર્ણ સમાન. રાયમલ રાણો.
સુરતને પણ એક આચર્યું, "જીતે ટોડાનું રાજ્ય;
તારા કુમારી તેને વરે, નહીં બીજાનું કાજ." રાયમલ રાણો.
રાયમલ સુત જયમલ કહે, "એતો મારૂંજ કામ;
લિલા પઠાણને મારીને, કરૂં ટોડે મુકામ" રાયમલ રાણો.
રજપૂત સેન લઇ ચઢયો, કર્યું ટોડે પ્રયાણ;
પાછો પઠાણે નસાડીઓ, ખાલી ખોયું છે માન. રાયમલ રાણો.
રજપૂત સાચો તો શરમથી. નવ દેખાડે મૂખ;
કન્યાની આશ ખરે તજી, આઘો બેસે અચુક. રાયમલ રાણો.
પણ જયમલ નવ જંપીઓ, લીધી તારાની પૂઠ;
ન્યાયે મળ્યું નહિ તે હવે, લેવા મારીને ઝુટ. રાયમલ રાણો.
સુરતને સામો ખરેખરો, સાચો તે રજપૂત;
પણ તેનું કેમ પાછું ફરે, શીર આપે સપૂત. રાયમલ રાણો.
જયમલને સમજાવીઓ, નવ સમજ્યો નપાટ;
સુરતને શીર તેનું છેદીયું, પણ પાળવા માટ. રાયમલ રાણો.
સર્વ કહે હવે શું થશે. બહુ કોપશે રાય;
રાયમલ રોળીને મારશે, સુરતનનેજ હાથ ! ! રાયમલ રાણો.

રાયમલને ન કહી શકે, રૂડો રજપૂત કોઈ;
ભાયાત સહુ ભયમાં રહે, ભવ્ય ભૂપને જોઈ. રાયમલ રાણો.
બાપ કને બાળ મોકલી, અંતે કીધું છે જાણ;
રાયમલે શોચ કર્યા છતાં, કીધો ન્યાય પ્રમાણ. રાયમલ રાણો.
રાયમલ કહે ઘટતું થયું, એમાં પુત્રનો વાંક;
રજપૂતની રીત પરહરી, વાળ્યો આડોજ આંક. રાયમલ રાણો.
સુરતને નીજ પણ રાખીયું, ખરો રજપૂત તેહ;
બેદનુર આપ્યું બક્ષીસમાં, સાચો જણાવ્યો છે સ્નેહ. રાયમલરાણો.
વળતી કુંવર બીજો રાયનો, પૃથ્વીરાજ પ્રમાણ;
ધાયો તે ટોડાને જીતવા, થયું તારાને જાણ. રાયમલ રાણો.
તારા પછીથી જુદ્ધે ચઢી, પૃથ્વીરાજની સાથ;
સેન સજી ટોડા જીતીયું, કરી લિલ્લાની ઘાત. રાયમલ રાણો.
લગ્ન થયાં પૃથ્વીરાજનાં, પછી તારાની સાથ;
રીત કરી રજપૂતની, રીઝયો તારાનો તાત. રાયમલ રાણો.
રાયમલ પણ સુખીઓ થયો, સુણી વાત સુજાણ;
જયમલે નવ થયું તે કર્યું, પૃથ્વીરાજે પ્રમાણ. રાયમલ રાણો.

રાણી રૂપસુંદરી.

ગરબી.

" મોરલી વાગીરે શ્રીકૃષ્ણની " એ રાગ.

વનમાં વસે એક સુંદરી,
હાંરે એનું રંભા સમું છે રૂપ રાજતું;
હાંરે એને રાનનું રહેઠાણ નથી છાજતું. હોજીરે વનમાં વસે
એક સુંદરી. (ટેક.)
હાંરે વિધુ વેશ ધરે છે રંગ રાતડી,
હાંરે કોણ કળી શકે છે એની જાતડી ? હોજીરે વનમાં.

હાંરે એનું મુખકમળ કરમાયલું,
હાંરે એનું વપુ વિષાદથી વિંટાયલું. હોજીરે વનમાં
હાંરે એની સેવા કરે છે સહુ ભીલડી,
હાંરે નથી વ્હીલી તે મુકતી એકે ઘડી. હોજીરે વનમાં.
હાંરે રૂડી ઝાડની ગુફામાં રચી ઝુંપડી,
હાંરે ભીંત દીપાવી સીપ શંખલે જડી. હોજીરે વનમાં.
હાંરે જુઓ ઝાડે બાંધ્યું છે પેલું પારણું,
હાંરે માંહે બાળ રમે છે રળીઆમણું. હોજીરે વનમાં.
હાંરે એને ભાલે રવિનું તેજ ઝગમગે,
હાંરે એનો ચ્હેરો તો પારણામાં ચગચગે. હોજીરે વનમાં.
હાંરે ભીલ છોરૂ છે બાળને ઝુલાવતાં,
હાંરે એનું મુખડું જોવાને સહુ આવતાં. હોજીરે વનમાં.
હાંરે છોરૂ વનમાંથી ફુલ વીણી લાવતાં,
હાંરે કરી હારડા ને બાળને પહેરાવતાં. હોજીરે વનમાં.
હાંરે કોઇ બાળા ચનોઠી એકઠી કરે,
હાંરે તેની માળા કરીને કંઠમાં ધરે. હોજીરે વનમાં.
હાંરે નારી બાળને રમાડી કરે ઓકીઓ,
હાંરે ભીલ ચારે બાજુએ કરે ચોકીઓ. હોજીરે વનમાં.
હાંરે એતે કોનો કુંવર છે કોડામણો ?
હાંરે એતો દૈવની ગતિથી દીસે દામણો. હોજીરે વનમાં.
હાંરે ત્યાંતો શીલગુણસુરીજી સાધુ આવીઆ,
હાંરે જોઇ કુંવરનું રૂપ ને ખુશી થયા. હોજીરે વનમાં.
હાંરે તેણે ચિન્હ જોયાં તે ચતુરાતણાં,
હાંરે રૂપ રેખા ને ભાલ પેખ્યાં બાળનાં. હોજીરે વનમાં.
હાંરે એ તો ન હોય કોળી, છે બાળ કેસરી,
હાંરે એતો વનરાજ વીર છે વાલેસરી. હોજીરે વનમાં.
હાંરે પછી બોલ્યા જતીજી સુણુ હે સતી,

હાંરે થાશે બાળ પ્રતાપી પૃથ્વીપતિ. હોજીરે વનમાં.
હાંરે એવાં સારાં વચન સુણી માવડી,
હાંરે પેલા સાધુને વંદિને પગે પડી. હોજીરે વનમાં.
હાંરે પછી સાધુ દિલાસો દેઈ નિસર્યો;
હાંરે જઇ વનનાં વાસીને નથી વીસર્યો. હોજીરે વનમાં.
હાંરે હવે માતા ઝુલાવે પુત્ર પારણે;
હાંરે મુખ પેખીને જાય છે ઓવારણે. હોજીરે વનમાં.
હાંરે મારા ગોકુળની ગાયનો ગોવાળીઓ;
હાંરે મારી ગુર્જર વાડીનો એતો માળીડો. હોજીરે વનમાં.
હાંરે મારી ગુર્જરનો ગર્વ છે આ બાળમાં;
હાંરે મારી સઘળી આશા છે એના ભાલમાં. હોજીરે વનમાં.
હાંરે મારો કુંવર થશે જો પૃથ્વીપતિ;
હાંરે એવા શોધી જમાડું સેંકડો જતી. હોજીરે વનમાં.
હાંરે એમ કરતાં વરસ કંઇ વહી ગયાં;
હાંરે પેલા બાળકનાં બાણુ વધતાં ગયાં. હોજીરે વનમાં.
હાંરે લેઇ કામઠી ને તીર કુંવર નીસરે;
હાંરે પેલા ભુવડના લોકને કાયર કરે. હોજીરે વનમાં.
હાંરે ધન લાવી દુખીનાં દુઃખ ટાળતો;
હાંરે વનવાસી અપંગને તે પાળતો. હોજીરે વનમાં.
હાંરે આખા વનના તે ભીલને ભેગા કરે;
હાંરે પછી માંડી નિશાન ખેલ આદરે; હોજીરે વનમાં.
હાંરે જેનો ચાંદો વીંધીને તીર નીસરે;
હાંરે તેને આપી ઇનામ તે ખુશી કરે. હોજીરે વનમાં.
હાંરે એવાં વગડાનાં રાજ વીરે માંડીઆં;
હારે પછી કૂડ કપટ છળ છાંડીઆં. હોજીરે વનમાં.
હાંરે હવે નીતિ ને ન્યાય કુંવર આચરે;
હાંરે માની શિક્ષા પ્રમાણે ડગલાં ભરે. હોજીરે વનમાં.

હાંરે માને એક દિવસ સુખ સાંભર્યાં;
હાંરે માની આંખડીમાં આવીને આંસુ ઠર્યાં. હોજીરે વનમાં.
હાંરે ત્યારે પુછે કુંવર કરી વિનતી;
હાંરે માતા શાને રડો છો, મને કહો કથી. હોજીરે વનમાં.
હાંરે ત્યારે માએ માંડીને કહી વાતડી;
હાંરે કુંવર સુખડાં સંભારી બળે છાતડી. હોજીરે વનમાં.
હાંરે તારા પિતાનું રાજ તો પંચાસરે;
હાંરે હતી ગુર્જર ભૂમિતો એને આશરે. હોજીરે વનમાં.
હાંરે પછી શત્રુ સોળંકીએ હલ્લા કર્યા;
હાંરે ત્યારે પોતે લડીને સ્વર્ગ સંચર્યા. હોજીરે વનમાં.
હાંરે અમે રાજ મૂકીને વન આવીઆં;
હાંરે અમને વેરીએ બહુજ સતાવીઆં. હોજીરે વનમાં.
હાંરે મારો સુરપાળ વીર વછુટો પડયો,
હાંરે તેનો પત્તો હજુએ કંઇ ના જડયો. હોજીરે વનમાં.
હાંરે વીરા સ્નેહી સગાં તો બહુ સાંભરે;
હાંરે મારાં વહાલાં મળે તો હઇડાં ઠરે. હોજીરે વનમાં.
હરે એક વહાલાં વિયોગ દેહને દમે;
હાંરે પેલા વેરી વિકાળ શીરપર ભમે. હોજીરે વનમાં.
હાંરે એમ બ્હીતા રહે કાળ કયમ જશે ?
હરે મને સૂઝે નહીં કે હવે શું થશે ? હોજીરે વનમાં.
હાંરે એમ કહતાંજ રાંકડી રડી પડી;
હાંરે વદે વનરાજ " શાંત થાઓ માવડી. હોજીરે વનમાં.
હાંરે કાલે શત્રુને શોધીને પુરા કરૂં;
હાંરે મારા તાતની ભૂમિનું અભરે ભરૂં. હોજીરે વનમાં.
હાંરે હવે ગુર્જર ગુણીની સેવા આદરૂં;
હાંરે મળી સ્નેહીને કોડ હું પુરા કરૂં. હોજીરે વનમાં.
હાંરે માતા ભીલબાઇઓને કરૂં સોંપણી.

હાંરે રાખે માની સેવામાં કાળજી ઘણી. હોજીરે વનમાં.
હાંરે મારા સ્નેહી ને મિત્રને ભેગા કરૂં,
હાંરે પછી આજ્ઞા લઇને વન સંચરૂં. હોજીરે વનમાં.
હાંરે મારા તાત કેરૂં રાજ મેળવું સહી,
હાંરે અહીં બેશી રહ્યે બનશે નહીં." હોજીરે વનમાં.
હાંરે પછી વનરાજે ભીલને ભેગા કર્યા,
હાંરે લેઈ કામઠીને તીર સહુ ઉતર્યા. હોજીરે વનમાં.
હાંરે પછી વનરાજ વીર કહે " વાલેસરી.
હાંરે તમે ભલી કરી છે મારી ચાકરી. હોજીરે વનમાં.
હાંરે મને પ્રભુ પિતાનું રાજ આપશે,
હાંરે મને ગુર્જરનો ભૂપ કરી સ્થાપશે. હોજીરે વનમાં.
હાંરે ત્યારે તમને સંબંધી સબળા ગણી,
હાંરે સહુ પહેલા કરીશ ગામના ધણી. હોજીરે વનમાં.
હાંરે હવે અમે વિજય માટે વાધીશું,
હાંરે મળી સ્નેહીને શુભ કામ સાધીશું. હોજીરે વનમાં.
હાંરે સેન ભેગું કરીને ફરી આવીશું,
હાંરે તમને લઢવાને જંગમાં બોલાવીશું." હોજીરે વનમાં.
હાંરે સુણી એવાં વચન ભીલ ગાજીઆ,
હાંરે વીરહાક પડીને ઢોલ વાગીઆં. હોજીરે વનમાં.
હાંરે પછી વનરાજે શાંત સહુને કર્યા;
હાંરે વીર માને બતાવી એમ ઉચર્યા. હોજીરે વનમાં.
" હાંરે આ છે માતા તમારાં, તમે છોકરાં,
હાંરે આજ સગાં સબંધી સહુ છે પરાં હોજીરે વનમાં.
હાંરે કરી સારી સેવાને સુખીઆ રાખજો,
હાંરે ભય આવી પડે તો દૂર રાખજો. હોજીરે વનમાં.
હાંરે કદી આવે લેવાને જૈન આશરે,
હાંરે માને મૂકો સુરીને આપાશરે." હોજીરે વનમાં.

હાંરે ત્યારે ભલે ભલાઇ બહુ વાપરી,
હાંરે કહે " રૂડી કરીશું માની ચાકરી. હોજીરે વનમાં.
હાંરે માની ચીંતા કરોને વીર વેગળી,
હાંરે અમો છોરૂને રૂપ માવડી મળી. હોજીરે વનમાં.
હાંરે ત્યારે માતા ગભરાઇ ગળગળાં થયાં,
હાંરે માની પ્રેમી આંખેથી આંસુડાં વહ્યાં. હોજીરે વનમાં.
હાંરે બોલે માતાજી છેક અધીરાં થઇ,
' હાંરે મારી શુદ્ધિને સાન આતે કયાં ગઇ ? હોજીરે વનમાં.
હાંરે મારા પ્રાણુથી હું દેહ કરૂં વેગળી.
હાંરે મારી બુદ્ધિએ આજ મુજને છળી. હોજીરે વનમાં.
હાંરે કુંવર અંધ અપંગ કેરી લાકડી,
હાંરે તમને પેખી ઠરે છે મારી આંખડી. હોજીરે વનમાં.
હાંરે સાંજે વાટ જોઉં કે વીર આવશે,
હાંરે મુજ દુખીયણુના તાપને સમાવશે. હોજીરે વનમાં.
હાંરે હવે સાંજે તમારે આવવાં નથી,
હાંરે ઝાળ લાગે છે એટલા વિચારથી. હોજીરે વનમાં.
હાંરે કુંવર દિન અમારા કેમ નીઠશે,
હાંરે મારા ટળવળીને પ્રાણુ નીકળી જશે. હોજીરે વનમાં.
હાંરે કુંવર શત્રુ તમોને શોધતા ફરે,
હાંરે તમને રખે અભાગીઆ આવી મળે. " હોજીરે વનમાં.
હાંરે ત્યારે વનરાજ વીર એમ ઉચર્યા,
" હાંરે માતા ભલે અમોને જામતા કર્યા. હોજીરે વનમાં.
હાંરે તમે સાચા રજપુતનાં છો માવડી,
હાંરે કળા સિંહને જગાડવાની આવડી. હોજીરે વનમાં.
હાંરે માતા દુખડાંનો અંત હવે આવીઓ.
હાંરે હવે જાણો કે જંગ જગાવીઓ. હોજીરે વનમાં.
હાંરે જ્યારે શત્રુનાં જુથ શીર ગાજતાં,

હાંરે ત્યારે ઝુંપાં રહેવાં તો નથી છાજતાં. હોજીરે વનમાં.
હાંરે અમે રજપૂત સુત, બાળ કેસરી,
હાંરે અમે જુધથી જરા ન જઇએ ડરી. હોજીરે વનમાં.
હાંરે અમે ખડ્ગ ધર્યું કે ખરા રાજવી,
હાંરે ભૂમિ કામઠીને તીરની છે આગવી." હોજીરે વનમાં.
હાંરે ત્યારે માતા વદે છે;—" ધન્ય દીકરા,
હાંરે આજ જાણ્યુંકે કોડ તેં પુરા કર્યા. હોજીરે વનમાં.
હાંરે તારા તાત કેરાં કૂળને તેં તારીઆં,
હાંરે મારાં દુખડાંને આજ મેં વિસારીઆં. " હોજીરે વનમાં.
હાંરે પછી ભાવે સુભોજન કરાવીઆં,
હાંરે શુભ કંકુ ને પુષ્પ ત્યાં અણાવીઆં. હોજીરે વનમાં.
હાંરે પછી કંકુ અક્ષત ભાલમાં ધરી,
હાંરે ફુલ નાંખી કહે" આવજો ફત્તે કરી. હોજીરે વનમાં.
હાંરે વીરા પ્રભુ પ્રતાપ તેજ આપશે,
હાંરે તને ગુર્જરનો ભૂપ કરી સ્થાપશે." હોજીરે વનમાં.
હાંરે આને વનરાજ વીર ત્યાં પાયે પડયા,
હાંરે માએ આપી આશીષ ને ઉઠાડીઆ. હોજીરે વનમાં.
હાંરે પછી સબળા સપૂત ત્યાંથી સંચર્યા,
હાંરે દશ બળીઆ બાણાવળી સાથે થયા. હોજીરે વનમાં.
હાંરે માતા વનમાં વસીને દિન નિર્ગમે,
હાંરે ઇશભક્તિ કરીને ઉરમાં શમે. હોજીરે વનમાં.

સોના અને લોઢાનો સંવાદ.

સોનુ " હરી જેવો તેવો હું દાસ તમારો "—એ રાગ.

લોઢા તને ગણતીમાં કોણુ ગણે છે;
નારૂં રાંકજ રૂડું ભણે છે, લોઢા તને. (ટેક.)
એક દિવસ અભિમાન ધરી ઉર સોનું સબળ થઇ ડોલ્યું,
લોઢાને હલકું ગણી તુચ્છકારી, ભમર ચઢાવીને બોલ્યું,
લોઢા તને ગણતીમાં કોણુ ગણે છે.

મુગટ બની હું તો નૃપશીર બેસું તું કોદાળે ભોંય ખણે છે,
નાણા ઘરેણાનું હું અધિકારી, ને ઓજાર તારાં બને છે.
લોઢા તને.

સોનું સવા વાલ હાજર હોયતો, દસશેર લોઢું મળે છે;
રાંકના ઘરમાંએ લોઢું હશે, પણ મુજને તો વિરલા રળેછે.
લોઢા તને.

રંગ રૂપાળો ને તેજ ઘણું મારૂં, તારૂં તો મોઢું છે કાળું;
શોભે ન તું મુજ સાથે તથાપિ હું પામર જાણીને પાળું.
લોઢા તને.

લોઢું.—સોના તને શાણે અભિમાન વાપ્યું,
તને મેંજ અભય પદ આપ્યું—સોના તને.
ફટ ભુંડા તારો તોર ન તુટયો, મેં છીણી મૂકી મૂકી કાપ્યું,
એરણ હથોડાથી ટીપી ટીપી તને રાંક ગણી રૂપ આપ્યું.
સોના તને.

ભોંયમાં ઉંડુ ભરાયું હતું, તે તું ભુલી ગયું કોઇ કાળે;

માટીને ધૂળથી મોઢું ભરાયું તે ખોદીને કાઢ્યું કોદાળે.
સોના તને.

શેર બશેરની તરવાર, સોમણ સોનાને કબ્જામાં લેશે;
પાશેર લોઢાનું તાળું તને, પેલી પેટી વિષે પૂરી દેશે.
સોના તને.

બંદુક તોપને બરછી થકી બધે લોઢુંજ રાજ કરે છે;
લોઢાની ખ્યાતિથી લાજ ધરીને તું ખુણે છુપાતું ફરે છે,
સોના તને.

મીરાંબાઇ અને પંથીનો સંવાદ.

રાગ-પુનમ ચંદની.

મરાંબાઇ મધ્યાને મેઢીરીઆમાંથી નીકળ્યાં રે,
ઉભાં આસો પાલવ હેઠે જોતાં પંથ,
વાટે વટેસરી પૂછે છે પુરા પ્રેમથીરે. ૧

પંથી-મીરાંબાઈ આતૂર થઇ ઉભાં છો શાને બારણેરે,
મીરાં શું મહીએરીઆંને માટે ન્યાળો પંથ;
વ્હાલા વીરાને મળવાને માટે રમટમોરે. ૨

મીરાં-મારે મહીએરીઆંને સાસરીઆં મોઘાં ઘણાંરે,
મુજને મળતા નિત્યે સોંઘા સાધુ સંત;
આજે મોઘામાં મોંઘાં તે મારે થઈ પડયા રે. ૩

હુંતો સંત સાધુને નિત્ય જમાડીને જમું રે,
મારો ટેક નીભાવે જુક્તે જગદાધાર;
આજે અભ્યાગત વિણુ ભોજનીયાં અટકી પડયાંરે. ૪

પંથી–મીરાં બાઇ મહારાણાના થાળ જમો જુક્તે કરીરે,
માળ, છાપ, તિલકના ઉતારો શણગાર;
હીરા, માણેક, મોતી જળ હળ જોત વિષે રમોરે. ૫

મીરાં–બાઇઓ અવિનાશીમાં ચિત્ત અમારાં ચોટીઆંરે,
વસ્તુ ક્ષણ ભંગુરથી ભાગ્યાં મારાં મન;
લાગે વૈભવ એવા લુખાને અળખામણારે. ૬

પંથી–મીરાંબાઇ સ્વામીની સેવામાં પુણ્ય અતિ ઘણું રે,
માટે સંસારે રહી સેવો સબળો કંથ;
એની આજ્ઞામાં વરતીને મહાપદ પામશોરે. ૭

પતિની આજ્ઞા લોપી ભક્તિ કરવી વ્યર્થ છે રે,
પહેલાં પતિને પૂજી પૂજો [1]પૂરણ બ્રહ્મ;
પતિવ્રત સાથે ભક્તિ ભાવે છે ભગવાનને રે. ૮

મીરાં–હું નવ લોપું આજ્ઞા સ્વામીની સુખ પાવની રે,
પતિની આજ્ઞાથી મેં [2]પાદર પૂર્યો વાસ;
પતિની આજ્ઞાથી મેં વિષ પીધાં અમૃત ગણીરે. ૯

આજ્ઞા અવિનાશી છોડયાની મુજને નવ ગમેરે,
હું તો સાધુને છોડીને સેવું કંથ;
લોપણુ અવિનાશી અંતરમાં રોજ રમી રહેરે. ૧૦

---

૧. પૂર્ણ. ૨. પાદર–એટલે ભાગોળ.

પંથી–મીરાંબાઇ જગદીશે આપેલા વૈભવ ભોગવોરે,
રાચો રાણાને રીઝવીને રૂડીપેર;
શાને ધાવું બ્હેની અણુદીઠાને આશરે રે. ૧૧

મીરાં–ભાઇઓ માટીની કાયાનાં સર્વે માનવીરે,
તેને પ્રાણ જતાં પડતાં નવ લાગે વાર;
આખર જાવું છે અવિનાશી પ્રભુની ઓથમાંરે. ૧૨

પંથી–મીરાંબાઇ સંસારી સૌ વસ્તુ યત્ને સાંપડે રે,
રૂડાં વિશ્વતણા વૈભવથી માણો મોજ;
પેલો અવિનાશી તો જગમાં શોધ્યો નવ જડેરે. ૧૩

મીરાં–પૂરા પ્રેમવિના અવિનાશી જગમાં નવ જડેરે,
એતો સર્વ સ્થળે છે વસી રહ્યો ભરપુર;
સાચા ભક્તિના ભોગી તો એને અનુભવે રે. ૧૪

પંથી–મીરાંબાઇ પ્રેમ તમારો પ્રભુજીમાં ઓછો નથી રે,
તે કયમ અભ્યાગત થઇ આવે નહિ તમ ઘેર;
ભૂખ્યાં ભક્તતણી પીડા તે [1]કયમ નવ મન ધરેરે. ૧૫

એવે અભ્યાગત છેટેથી દીઠા આવતા રે,
મીરાંબાઇ મલકાતે મુખડે ત્યાં સામાં ધાય;
ઉત્તર પંથીને દેવાને પળ ચોભ્યાં નહિરે. ૧૬

---

૧. કેમ.

રાખેંગાર અને રાણકદેવી.

ગરબી.

બડો ચતુર પેલો ટોપીવાળો, એ રાગ

જુનાગઢના જાદવરાજા, રાખેંગાર સવાયોરે;
મૃગયા કરતાં મૃગની પાછળ, ધનુષ ચઢાવી ધાયોરે. જુનાગઢ. ૧
મઝેવડીની સીમા પાસે, મૃગ દોડીને આવ્યો રે;
પનઘટપર જળ ભરતાં રૂડી, રાણકને મન ભાવ્યોરે. જુનાગઢ. ૨
કોમળ બાળા કર પ્રસારી, કહે મૃગને નવ મારોરે;
કહોજી હરણુ બિચારે કીધો, શો અપરાધ તમારોરે? જુનાગઢ. ૩
તિવ તમારૂં ભાલોડું, બહુ નાજુક મૃગની કાયારે;
કડણુ કરીને કાળજડું, રણધીર તમે શું ધાયારે. જુનાગઢ. ૪
વચન સુણી અબળાનાં બળીઓ, રાજા પડીઓ ઝાંખોરે;
ચકીત થઇ ચતુરાને જોતાં, તીર ઉતારી નાંખ્યોરે. જુનાગઢ. ૫
સાદો વેષ ધર્યો છે અંગે, પ્રભુતા કોઇ ન પ્રીછેરે;
ચતુર કરે છે ચરચા જોતો, અકળીત રહેવા ઇચ્છેરે. જુનાગઢ. ૬
ધનુષ ઉતારી ધીરજ ધારી, રાણક રૂપ નિહાળેરે;
શાણી સાદાં વસ્ત્ર ધરીને, બેઠું જ્યાં અજવાળેરે. જુનાગઢ. ૭
જુનાંપુનાં વસ્ત્ર વિષે છે, કાંચનવરણી કાયારે;
વાદળમાંથી વીજ ઝબુકે, મુખડું જાણે માયારે. જુનાગઢ. ૮
રાજારૂપ અલૌકિક પેખી, મધુર વચન ત્યાં ભાખેરે;
સુંદર બાળા શા કારણથી, મુજને વારી રાખેરે. જુનાગઢ. ૯
રજપુતોની રમત ગમતમાં, મૃગયા પ્રભુએ મૂકીરે;
ક્ષત્રી કર્મ કરતો ખાળે, ચતુર-બની શું ચૂકીરે. જુનાગઢ. ૧૦
રાણક વળતી એમ વદે હું, જાણું ધર્મ તમારોરે;
તોપણ હીંસાત્યાગ પ્રભુને, પરમ પરમજો પ્યારોરે. જુનાગઢ. ૧૧
ભુખ તરસ ભય સરખે સરખાં, મૃગને મનુષ્ય પ્રમાણેરે;

સ્વાર્થ આમળ ન્યાય પ્રભુનો, ક્રોધ ન ઉરમાં આણોરે. જુનાગઢ. ૧૨
તાત ગયાં પરલોક હવે તો, વખત વિચારી ચાલોરે;
મૃગયા મૂકીને મહારાજા, સોરઠને સંભાળોરે. જુનાગઢ. ૧૩
રૈયતજનની દાદ સુણીને, ન્યાય બધાને આપોરે;
ખૂની ચોર ચાકર હણીને, કષ્ટ પ્રજાનાં કાપોરે. જુનાગઢ. ૧૪
મરણુ સમયનાં વચન પિતાનાં, પ્રીત ધરીને પાળોરે;
ધનુષ બાણુ ત્યાં છે ધરવાનાં, મૃગલાને શું મારોરે. જુનાગઢ. ૧૫
મર્મ વચન રાણકનાં સુણીને, રાજા બહુ હરખાયોરે;
ઉમળકો આવ્યો બહુ ઉરમાં, કર ગ્રહવાને ધાયોરે. જુનાગઢ. ૧૬
પણ પાછળથી ધર્મ વિચારી, દૂર રહીને પૂછેરે;
કહોજી બાળા કોનાં છોરૂ ? નામ તમારૂં શું છેરે. જુનાગઢ. ૧૭
મૃગયામાં મન રમતું મેલ્યું, આજ લગી મેં શાણીરે;
ભવસાગરને કાંઠે રહીને, અબળા પ્રીત ન જાણીરે. જુનાગઢ. ૧૮
રજપૂતોમાં ખોળ કરીને, ખાંતે ખબર કઢાવીરે;
આજ લગીમાં એકે અબળા, નજર વિષે નથી આવીરે. જુ. ૧૯
મન મારૂં માન્યું છે તમથી, જો કાંઈ અરજ સ્વીકારોરે;
કોમળ કર આપીને દેવી, સફળ કરો જન્મારોરે. જુના. ૨૦

હરિભજન થકી છોટા હોય તે સૌથી મોટા થાય છે—એ રાગ

ઓ રાજકુમાર શું બોલો, હું છું તનયા કુંભારની,
હું શુદ્ર તમે રાણીજાયા, હું કીચ તમે કાંચન કાયા;
એ અવળી કેમ નિભે માયા ? ઓ રાજકુમાર. ટેક.
નવ મહેલ ખીલે મુજ રાંકથકી, વળી રાજકુળે પત જાય નકી;
પછી પ્રેમ રહે કેમ લેશ ટકી ? ઓ રાજકુમાર.
ક્ષણુ કાજ મને ન પલીત કરો, વ્રતભંગ થશે મુજ દૂર ઠરો;
રજપૂત થઇ નિજ ધર્મ ધરો. ઓ રાજકુમાર.

રૂપગુણ રૂડા નર નારતણા, શણગાર જહાં સદ્દગુણતણા,
સમજે છો આપ ચતુર ઘણા. એ રાજકુમાર.
સદ્દગુણ વિષે મુજ સુખ રહ્યું, કદીએ ગયું તો મુજ સર્વ ગયું;
શિર આળ ચઢે નવ જાય સહ્યું. એ રાજકુમાર.
હમણાં કદી રાખો પ્રીત ઘણી, કુળહીણ ગણી તજશો પરણી;
પછી શી ગતિ રાંકડી રાણકની ? એ રાજકુમાર.
ક્ષત્રીતનયા કુળવાન ઘણી, વરશે તમને કાંચનવરણી;
નવ કાચ ગ્રહો નૃપ હીરો મણી. એ રાજકુમાર.
કદી રાંક કહો કયમ રત્ન રળે, કરી ઇચ્છા તોપણ કેમ ફળે ?
પડી દીપક માંહ્ય પતંગ બળે. એ રાજકુમાર.

શ્યામ રંગ સમીપે ન જાવું—એ રાગ.

જાતમાં જરૂર તું ભૂલી પડી એ નારી તારી જાતમાં જરૂર
તુ ભૂલી પડી.
જો કદી કુંભાર ઘેર ઉછરે તું આ ઘડી,
રાજમહેલ કાજ પ્રભુએ ઘડી. એ નારી તા. (ટેક).
ગુણીયલ રૂપમાં રસીક રંગ રાતડી,
આકડામાં ઉગી જાણે ગુલછડી. એ નારી તારી.
જ્યોતિ જાણે જૂનાં પૂનાં વસ્ત્રમાં વીંટાયલી,
મેઘની ઘટામાં જાણે વીજળી. એ નારી તારી.
ટેક ને વિવેક જ્ઞાન વાતચીતમાં વળી,
ન્હોય નીચ જાત, બાળ કેસરી. એ નારી તારી.
દરદભામાં દાખવે તુ લાગણી દયાતણી,
શાસ્ત્રના સિદ્ધાંત શાણી ક્યાં ભણી. એ નારી તારી.
કૂળ તો જણાય છે આ વિશ્વમાં વિવેકથી,
નીચનું નિશાન તુજમાં નથી. એ નારી તારી.
રંકમાં એ રાજબીજ છેક તો છુપે નહિ;
ભાસતો શશી તો વાદળે રહી. એ નારી તારી.

જો કદી કુંભાર તોય નાત જાત ના ગણી,
કીચમાંથી લઇશ હું હીરાકણી. એ નારી તારી.
એક વાર પારખીને રત્ન રૂડું સંઘર્યું,
કેમ તે પછીથી હું પરૂ કરૂં ? એ નારી તારી.
જાણજે જરૂર હું કદાપિ દેાી ના ચળું,
અન્ય નારી લાવવા ન આદરૂં. એ નારી તારી.
તાતજીનાં ત્રણ કામ પાધરાં પૂરાં કર્યાં,
આજથી મેં લગ્ન કામ આદર્યો. એ નારી તારી.
ચોથું કામ પ્રીતથી હું ચોરીમાં પુરૂં કરૂં,
બાઇઓ ભણે તો 'હઇડે ઠરૂં. એ નારી તારી.

સાખી.

ધન્ય ગણું અવતાર હું માળારો ધન્ય ગણું અવતાર,
ધન્ય ઘડી પળવાર, આજનાં ધન્ય ઘડી પળવાર.
ક્યાં તનયા કુંભારની, ક્યાં જાદવ કુળદીપ;
ને ઇશ્વર ઇચ્છા થકી કેવાં, આવી મળ્યાં છે સમીપ.
હું માળારો૦ (ટેક.)

નક્કી આ સંજોગમાં, ઇશ્વરનો છે હાથ;
અરજ સુણી આ ઉરની તેજ મુજને કરેછે સનાથ. હું માળારો.
રાય રખે જાણો તમે, પળમાં થઇ મુજ પ્રીત;
જગ્દીશ્વરની પ્રેરણા, ખરા મનથી હું માનું ખચીત. હું માળારો.
આવી હું જુનાગઢે, બાર વરસની બાળ;
વાસણ લઇને વેચવા, સાથે માત પિતા રખવાળ. હું માળારો.
તે દી' સ્વારી રાયની, નીકળતાં ગઢ બહાર;
જોનારા જનમાં રહી, પહેલાં નિરખ્યા મેં રાજકુમાર. હું માળારો.
ત્યાં અજ્ઞાની ઉરમાં, એવો થયો વિચાર;
"વરવાલાયક વિશ્વમાં, ખરે ખેંગાર રાજકુમાર." હું માળારો.

ને દીઠેથી છબી આપની, વસી રહી મુજ ઉર;
સુણતી ખ્યાતી આપની, હું તો ભાવધરી ભરપૂર. હું માબરે.
આપ અચાનક આવીઆ, એ ઇશ્વરનો ખેલ;
મૃગયા કરતાં મનહર્યું, ભલો મહારાજે આણ્યો છે મેળ. હું માબરે.
ઉત્તર શું આપું હવે, સઘળું કહ્યું સુજાણ;
બોલ્યું પ્રીતે પાળશો, આજ સોંપુંછું તમને હું પ્રાણ. હું માબરે.
આર્યતણાં શુભ લગ્નથી, જીવે જીવ જડાય;
પ્રેમરેણ પાકું રહે, પછી તૃણવત વિઘ્ન જણાય. હું માબરે.
આત્મા અમર જણાય છે, ક્ષણભંગુર આ કાય;
અવિચળ સુખ આત્માલહે, પછીદેહનું ગમેતેમ થાય. હું માબરે.
માત પિતા મુજ વૃદ્ધ છે, હજુ ન જાણે કાંય;
સમજણ આપી તેમને વિધિસહિત ગ્રહો મુજબાંહ. હું માબરે.

કહાં ગયોરે પેલો મોરલીવાળો, એ રાગ.

પ્રેમભરેલાં વચન સુણીને, ગઢ પતિ બહુ હરખાયોરે;
"ધન્ય ધન્ય રાણક" કહે રાજા, "તેં અમૃત રસ પાયોરે.
પ્રેમભરેલાં વચન સુણીને. (ટેક.)
સુના આ સંસાર વિષે તું, સબળો સાથી મળીઓરે;
ભમતો જીવહતો ભૂતળમાં, તેનિજ સ્થળમાં ઠરીઓરે. પ્રેમભરેલાં.
રાજકાજમાં સમજણ તારી, બહુ ઉપયોગી થાશેરે;
ડહાપણ તારૂં પેખી તુજને, સર્વ પ્રજા ચિત ચહાશેરે. પ્રેમભરેલાં.
કાલ દેહલને મોકલી તારાં, માત પિતા સમજાવુંરે;
ઘડીયાં લગ્ન લઇ હું તુજને, મહેલ પ્રવેશ કરાવુંરે. પ્રેમભરેલાં.
તારે માટે ગઢમાં જઇને, શહેર બધું શણગારૂંરે;
કદલીવનની શોભા સાથે, મંડપ એક રચાવુંરે. પ્રેમભરેલાં.
ચારૂ ચોરી તેમાં બાંધી, બાંહ ગ્રહું હું તારીરે;
શોભ રૂપે પામે રાણકડી, તું મુજ સમ અધિકારીરે. પ્રેમભરેલાં.

હલકી જાત વિષે પણ શાણી, સતિઓ નજર પડેછેરે,
ખાણોમાંથી રત્ન ખણી, નૃપ મુગટ વિષેંજ મઢેછેરે. પ્રેમભરેલાં.
એવાં વચન વદે જ્યાં રાજા, એક ઋષિ ત્યાં આવ્યોરે;
વયને તપમાં વૃદ્ધ જણાતો, રાજાને મન ભાવ્યોરે પ્રેમભરેલાં
વૃક્ષ ઘટામાં રહીને જેણે, સર્વ સુણી છે વાતોરે;
આશીર્વાદ વદી તે બ્રાહ્મણ, બોલે બહુ હરખાતોરે. પ્રેમભરેલાં
ધન્ય ધન્ય રાજા ને રાણુક, ધર્માચરણ તમારૂંરે;
પ્રેમી હૃદય તમારાં પેખી, મન માન્યું છે મહારૂંરે. પ્રેમભરેલાં.
રાણુક શરમે નીચું ન્યાળે, વૃદ્ધ ગુરૂને પેખીરે;
રાજા જઈને નમન કરે છે, તીવ્ર તપસ્વી લેખીરે. પ્રેમભરેલાં.
વિપ્ર કહે હું યાત્રાવાસી, શિક્ષક રાણુક કેરોરે;
ગુપ્તભેદ સમજાવા મુજને, પ્રભુએ અહીંઆં પ્રેર્યોરે. પ્રેમભરેલાં.
રાજા કહે છે "ભલે પધાર્યા, આ અવસર છે રૂડો રે;
હે સ્વામી સમજાવો મુજને, ભેદ હશે કંઈ ઉંડોરે." પ્રેમભરેલાં.
વળતો વિપ્ર કહે " હે રાજા, રાણુક રાજકુમારીરે;
પાળક માતપિતાને તેછે, પ્રાણથકી પણ પ્યારીરે. પ્રેમભરેલાં.
શેર રાય પંવાર પ્રતાપી,, પાવર ભૂમિ પ્રદેશે રે;
તેની પુત્રી તમને વરતાં રાણીનું પદ લેશેરે. પ્રેમ ભરેલાં.
જે પ્રભુ પય માને સ્તન પ્રેરે, શિશુનું પોષણ કરવારે;
તે કયમ ભૂલે રાણુકમાટે, યોગ્ય પતિ મોકલવારે. પ્રેમભરેલાં.

" ગોકુળીએ ભઈ ચાલો રે " એ રાગ.

સત્ય રવી ઉગીયો વણ માગ્યો,
વિરહ વનીતાને લાગ્યો રે, રૂષિએ ભેદ ભાગ્યો (ટેક.)
રાણુક કહે ગુરૂ એવું ન ભાખો,
વહાલાં વછોડી ન નાંખોરે; રૂષિએ ભેદ.

જાતે જરૂર કુમારની મારી,
નહિ થાઉં રાજકુમારી રે. ઋષિએ ભેદ.

માતાપિતા મને પ્રાણથી પ્યારાં,
કેમ કરી શકું ન્યારાં રે. ઋષિએ ભેદ.

બેંગારને ખપ હોય જો મારો,
માતપિતાને ન ટાળો રે. ઋષિએ ભેદ.

બેંગાર કહે ઋષિને શિશ નામી,
સત્ય વધા તમે સ્વામી રે. ઋષિએ ભેદ.

તોપણ જાતિનો ભેદ ન ભારે,
સર્વ સમાન છે મારે રે. ઋષિએ ભેદ.

રત્નને કો કદિ પથ્થર કહેશે,
તેજ તો તેવુંજ રહેશે રે. ઋષિએ ભેદ.

રૂપ ગુણ રાણકના કસી જોયા,
ક્યાંદી જશે નહિ ધોયા રે. ઋષિએ ભેદ.

ઇશ કૃપાથી જે અવસર આવ્યો,
રાણક ગઢ લઇ આવો રે. ઋષિએ ભેદ.

ત્યારે ઋષિ કહે મંગળ થાશે,
લગ્ન સમે રહું પાસે રે. ઋષિએ ભેદ.

મંગળ લગ્ન પછી નિર્ધાર્યાં,
પ્રેમે મળી ઘેર ચાલ્યાં રે. ઋષિએ ભેદ.

